R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.67 ISSUE NO. 06 - SEPTENBER 2024 - 56 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર કિલક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ / ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી


સપ્ટેમ્બર ૨૦૨૪


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| કૅશલેસ............ | સંજય ચંદન વિસનજી................. | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ..................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૯ |
| પગ મેં ભમરી........................................... | લીલાધર માણેક ગડા ................. | ૧૩ |
| સાહિત્યનો રસથાળ | | |
| બધું સુંદર કરતાં કરતાં................................ | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૧૭ |
| અલિપ્ત રહેવામાં જ સાર છે!!!.................... | જાદવજી કાનજી વોરા............... | ૧૯ |
| માનવીનું મન........................................... | વસંત શાહ - કચ્છ કેસરી............ | ૨૨ |
| દાન........................................................ | હેમા વીરા................................ | ૨૫ |
| પહેલાંના આત્મીયતાભર્યા પારિવારિક સંબંધો | જયંત ગણશી જાગાણી............... | ૨૮ |
| તિલકનો તિરસ્કાર..................................... | ગીતા સતરા ........................... | ૩૦ |
| માનસિક સંપત્તિ........................................ | રાજેશ સાવલા.......................... | ૩૧ |
| તીલક કરતા ત્રેપન થયાં.............................. | કિરીટ જગશી વીરા...................... | ૩૩ |
| સાહિત્ય અમૃત ......................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૩૪ |
| પ્રતિભાવ - પ્રતિસાદ ................................ | | |
| 'પગદંડી' જુલાઈ ૨૪ વસંત મારુનો લેખ | પન્નાલાલ ખીમજી છેડા................ | ૪૦ |
| 'પગદંડી' ઓગસ્ટ, ૨૦૨૪................ | પ્રીતી વીરા................................ | ૪૦ |
| ઈંડી-હિંડી પેન................................. | CA ચંદ્રકાન્ત નંદુ ...................... | ૪૧ |
| પગદંડી ને પત્ર | | |
| કોલી સમુદાય................................... | વસંત કચ્છ કેસરી...................... | ૪૩ |
| જે થાય તે સારા માટે......................... | શાંતિ રાંભિયા.......................... | ૪૩ |
| ઉર્મિલહર.................................................. | સંપાદન : વિશન નાગડા............. | ૪૭ |
| સાંત્વન.................................................... | .............................................. | ૫૨ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી.......................... | ગીતા સતરા ........................... | ૧૧ |


**પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**


Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

# તંત્રીસ્થાનેથી



## કૅશલેસ

તમને થશે કે આ વખતના તંત્રી લેખમાં વીમાના કૅશલેસ ક્લૅમ સેટલમેન્ટની વાત છે કે શું? ના ભાઈ ના. આજે તો વાત કરવી છે.....

૧૨ ઑગસ્ટ, ૨૦૨૪. વહેલી સવારે ચર્ચગેટ ઊતરી ઑફિસ જવા શેર-એ-કૅબની લાઈનમાં ઊભો હતો. સોમવાર એટલે બધાને ઑફિસ વહેલા પહોંચવાની ઉતાવળ, એટલે લાઈન થોડી લાંબી અને ઉપરથી વરસાદના અમીછાંટણાં.

મારી આગળ એક યુવક, માથા અને દાઢી-મૂછ પર થોકબંધ વાળ, કાન પર કોઈ પાઈલટ પહેરે એવા આખા કાન ઢાંકી દે એવા ''ઈયરકુશન'' / ''ઈયરહગ'', પીઠ પર મસમોટી બૅકપૅક, કાંડા પર સ્માર્ટ વૉચ, રસ્તા પર વેરાયેલી એના બુટની લાંબી એવી લેસ, એના કાન ફાડી નાખે એવા સંગીત (?) ના સ્વર મને હેડફોન વગર પર સંભળાઈ રહ્યા હતા. એના હેડફોનમાં ધમધમી રહેલા શોરથી એના પગ થરકી રહ્યા હતા અને ચિત્ર-વિચિત્ર ટૅટૂથી ભરેલા એના હાથના પંજા અને આંગળીઓ ''યો યો''ના સંકેતમાં વળી રહ્યા હતા.

વરસાદ વધ્યો એટલે ભારતનો એ ''માઇકલ જયકીશન'', બિન્ધાસ્ત મારી મોટી છત્રી નીચે આવી ઊભો રહી ગયો. વિવેક ખાતર પણ પૂછવાનો કે સ્મિતનો રિવાજ તો ક્યાંક અભેરાઈ પર જ પડ્યો હશે.

થોડી વારમાં એક સમયની મુંબઈની રાણી એવી કાળી-પીળી ટૅક્સી આવીને ઊભી રહી. એ યુવા સહિત અમે પાંચ જણા ટૅક્સીમાં બેઠા. રોજિંદા ક્રમ મુજબ બેસતાંની સાથે બધાએ પોતપોતાના પંદર રૂપિયા ડ્રાઈવરને આપી દીધા. ટૅક્સીવાળા ચાચા સ્ટિયરિંગ ફરાવતાં ફરાવતાં જ બોલ્યા, ''એક જન કા, કિસકા બાકી હૈ''.

બધાની નજર એ યુવાન તરફ ગઈ અને એની સંગીતસાધનામાં ખલેલ પડી. હવે શરૂ થઈ આજની વાત.

''અંકલ, G-Pay હૈ?''. ચાચાએ ગાડી મેન રોડ પર વાળીને ગાડીને ત્રીજા ગિયરમાં નાખતાં કહ્યું., ''નહીં હૈ'' ''QR કોડ?''. ? ''નહીં હૈ''. હવે યુવકની તંદ્રા તૂટી, એણે હેડફોન કાન પરથી ઉતાર્યા. ''ચાચા, કોઈ ફોન નંબર હૈ કયા. મેરે પાસ કૅશ નહીં હૈ''. ચાચા માટે કદાચ આ કંઈ નવું નહીં હોય એટલે એણે બેફિકરાઈથી કહ્યું, ''કુછ નહીં હૈ''! સિર્ફ રોકડા માંગતા''.

ભારતનું એ કૅશલેસ રતન હવે બીજા પેસેન્જર તરફ વળ્યું. ડ્રાઈવરની બાજુમાં બેસેલા પેસેન્જરને એણે પૂછ્યું. ''સર, મેરા કૅશ દે દેંગે કયા? મૈં આપકો જી-પે કરતાં હું.'' જવાબ મળ્યો. ''સૉરી''.

એક પછી એક, યુવકે બધાને પૂછ્યું, કોઈએ છુટ્ટા નથીનું બહાનું આગળ કર્યું તો કોઈએ બીજું કાંઈ, દરેકના નકારનાં બહાનાં પાછળનું સાફ કારણ હતું, એ યુવક તરફની ચીડ.

આપણે બધા જીવનમાં બે વાત અનુભવતા જ હોઈશું કે...

''કેટલાક લોકોએ આપણું કાંઈ જ સારું ના કર્યું હોય, પણ છતાંય આપણાને એમની પ્રત્યે કૂણી લાગણી જન્મે અને બીજી તરફ કેટલાક લોકોએ આપણું કાંઈ કરતાં કાંઇ બગાડ્યું ના હોય અને છતાં એમની પ્રત્યે ગુસ્સો આવે, ચીડ આવે. બસ ટૅક્સીના બધા પેસેન્જર આ બીજા પ્રકારની લાગણી અનુભવી રહ્યા હતા''.

મારુતિ ઓમ્નીના બધા પેસેન્જરના નકાર પછી એ કૅશલેસ યુવાધને મારી તરફ મીટ માંડી. મેં ડ્રાઈવરને એના પંદર રૂપિયા આપ્યા અને કહ્યું, ''મિત્તલ કોર્ટ''. મિત્તલ કોર્ટ આવતાં જ ટૅક્સીના લગભગ અડધા પેસેન્જર ઊતરી ગયા. એ યુવકને NCPA જવું હતું. પણ મારી સાથે જ મિત્તલ કોર્ટ આગળ ઊતરી ગયો. અને મારી પાછળ દોડ્યો, ''સર, આપકા G-Pay નંબર.'' (મારી પાસે G-Pay, PhonePe, PayTM, BHIM બધું જ હતું, પણ મારે એ યુવકને એક પાઠ શિખવવો હતો) ''નહીં હૈ''. યુવક મૂંઝાયો. ''તો આપકા પંદરા રૂપિયા કૈસે દું''.

''નેક્સ્ટ ટાઈમ ઝેબમેં તીસ રૂપિયા રખના. પંદરા ખુદકે લિએ ઔર દૂસરા પંદરા ''મેરા'', તુમ જૈસે કિસી ઔર કૅશલેસ મહેરબાન કો લિએ દેને કે લિએ'' અને હું એના જવાબ કે પ્રતિભાવની રાહ જોયા વિના મારી ઑફિસ બિલ્ડિંગના ગૅટમાં દાખલ થઈ ગયો.

**આજના યુવાધનનાં કૅશલેસ થવાનાં કારણો**

**૧. અરે ચાચા, કૅશલેસ હી તો ફ્યુચર હૈ**

(મારા ભાઈ, કૅશલેસ ભવિષ્ય હશે, અત્યારે વર્તમાન તો નથી ને અને આપણે સૌએ આ કૅશલેસને સ્વીકાર્યું છે અને ભાતભાતના વૉલેટ પણ મોબાઈલમાં વસાવી લીધા છે પણ એને માટે ખિસ્સામાં પંદર રૂપિયા પણ રાખવાના બંધ કરવા, એ નરી મૂર્ખામી છે)

**૨. અરે, ટૅક્સીવાળાની ભૂલ છે. QR Code તો રાખવો જ જોઈએ ને**

(કાયદા પ્રમાણે, પચાસ કરોડની ઉપર ટર્નઓવર ધરાવનાર માટે જ ડિજિટલ પેમેન્ટનો વિકલ્પ રાખવો ફરજિયાત છે એટલે રિક્ષા, ટૅક્સીવાળા માટે એ કાયદાકીય રીતે ફરજિયાત નથી. હા, પ્રૅક્ટિકલ રીતે, એમની પાસે કોઈ એક વૉલેટ હોવું જોઈએ, પણ સામે છેડે આપણાં ખિસ્સામાં પણ પંદર રૂપિયા રાખવા માટે પણ કાયદામાં કોઈ જોગવાઈ નથી, પણ ના રાખીને આજે ઠર્યા એમ મૂર્ખ ઠરવું પણ જરૂરી નથી.

અને વળી તે પણ ટૅક્સીમાં બેસતા પહેલાં ચેક કર્યું હતું કે એની પાસે વૉલેટ છે કે નહીં. કાલે ઊઠીને કોઈ હોટેલમાં જઈને પાસ્તા મંગાવીને ખાઈ લઈશ અને પછી જો હોટેલવાળો કહે કે આજે ટેક્નિકલ ખામીને કારણે અમારું વૉલેટ બંધ છે તો શું એના રસોડામાં જઈને પ્લેટ ધોવામાં હોટેલના સ્ટાફને મદદ કરવા બેસવું ફાવશે)

**૩. બૂટ પૉલિશ અને દસ રૂપિયાની કોથમીર વેચવાવાળા પણ PayTM રાખે છે**

(તો સામે એક બૂટ પૉલિશવાળો પણ ખિસ્સામાં પંદર રૂપિયાની રોકડ લઈને જ ઘરેથી નીકળતો હશે. સાવ તારી જેમ ખાલી ગજવાને કૅશલેસ ઈકોનોમીના વાવટાની જેમ તો નહીં લહેરાવતો હોય)

**૪. અરે વડીલ, કૅશ રાખીએ તો પાકીટમારનું ટેન્શન**

(બચ્ચા, સીસીટીવી અને ડિઝિટલ પેમેન્ટના આ જમાનામાં પાકીટમાર નામની પ્રજાતિ તો હવે નામશેષ થઈ ગઈ અને વળી તારા પંદર રૂપિયા ભરેલા પાકીટને કયો પાકીટમાર મારવાનો. વળી, જો મોબાઈલ ચોરાઈ કે કયાંક ભુલાઈ જાય (આજના યુગમાં કોઈનાથી મોબાઈલ ભુલાઈ જાય એની શક્યતા નહિવત્) કે મોબાઈલની બૅટરી પૂરી થઈ જાય (આખો દિવસ સતત ઉપયોગથી આની શક્યતા પૂરેપૂરી) કે ક્યારેક નેટવર્ક ના મળે અને તારું ઈ-વૉલેટ ના ખૂલે તો ?) ઈ-વૉલેટ વાપરો એ આવકાર્ય, પણ એના પર આટલો બધો મદાર ગેરવાજબી)

**૫. અરે બંધુ, ઈ-વૉલેટ હોય તો છુટ્ટાની કે પરચૂરણની મગજમારી જ નહીં ને**

(સખા, માન્યું કે ડિજિટલ પેમેન્ટમાં છુટ્ટાની ઝંઝટ જ નથી. જેટલું ચૂકવવાનું, એટલું જ એકઝેટ પેમેન્ટ, પણ મારા ભાઈ, અહીં તે સો કે પાંચસોની નોટ પણ કાઢી હોત તો ટૅક્સીવાળો તને છુટ્ટા પાછા તો આપી શક્યો હોત, પણ વાત એ છે કે તારી પાસે પંદર છોડ, સામા કરવા માટે પાંચ કે દસ રૂપિયાનો એક સિક્કો પણ નહોતો)

**૬. અરે કૅશલેસ રહો તો ખર્ચા ઓછા થાય.**

(મિત્ર, એકદમ સાચી વાત કરી. આજે તારી ટૅક્સીના પંદર રૂપિયા પણ બચી ગયા, પણ સામે છેડે તારો કોઈ સાથે વગર બોલચાલે જે ફજેતો થયો છે, એનો તો કદાચ અંદાજ પણ નહીં આવે)

**૭. વૉલેટથી ખર્ચો કરો તો ખર્ચાની પૂરી નોંધ રહે**

(અરે બકા, ઘરનાં ઈલેક્ટ્રિક, ટેલિફોન, સોસાયટીનાં બિલ, મોદીનાં બિલ ક્યારે ચૂકવ્યા એની વૉલેટમાં નોંધ રહે એ એકદમ આવકાર્ય, પણ ગલીના નાકે તેં તારા મિત્રો સાથે સોડા પી ને એના રૂપિયા ૧૮૦ ચૂકવ્યા અને પછી તારા બધા મિત્રોએ તેને ૨૦-૨૦ રૂપિયાના G-Pay કર્યા અને આવા વિના કારણના નાણાં વ્યવહારમાં તારી એક વર્ષની ત્રણ બૅન્ક પાસબુક ભરાય છે અને હવે તને બૅન્કવાળા સ્ટેટમેંટની પ્રિન્ટ આપવાની ના પાડે છે અને બીજી તરફ તારો CA તારી બૅન્ક સમરી જોઈને માથાના વાળ ખેંચે છે અને ત્રીસ ટકા ટૅક્સ ભરીને માંડ વ્હાઈટ કર્યા હોય એ વ્હાઈટને તું આમ નાહકના ખર્ચાઓમાં વેડફે, એ જોઈ તારા પિતાશ્રીનું બ્લડપ્રેસર ઊકળે, એ બોનસમાં)

છેલ્લે... છેલ્લે બસ એટલું જ કહેવું કે કૅશલેસ ઈકોનોમી, વગેરે બધું બરાબર, પણ શર્ટના ઉપરના ખિસ્સામાં કંઈ નહીં તો વીસ-વીસની બે નોટ રાખવી પણ એટલી જ જરૂરી અને કંઈ નહીં તો તારાં મમ્મીની જેમ, મોબાઈલના કવરની અંદર પચાસની એક નોટ ગડી કરીને મૂકી દે. ખબર નહીં ક્યારે તને, તારા જેવો જ કોઈ યુવાધન નબીરો મળી જાય, એ પણ એકદમ **''કૅશલેસ''**.

**- સંજય ચંદન વિસનજી છેડા**
- રતાડિયા ગણેશવાલા
**મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

# પ્રમુખશ્રીની કલમે



✲ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✲

## વિચારકણિકા

### રાષ્ટ્રીય ધર્મ

આ લખાણ લખતી વખતે, આપણા જૈન ધર્મનો મહાપર્વ પર્યુષણ ખૂબ જ નજીક આવી ગયેલ છે, પણ આજે આપણે એક અલગ ધર્મ વિષે થોડો વિચારવિમર્શ કરી લઈશું તાજેતરમાં કોલકાતા ખાતે મેડિકલ કૉલેજમાં એક અભ્યાસ કરેલ ડૉક્ટર ઉપર વિતેલ વિષે આપણે સૌ આઘાતમાં છીએ. આવી વાતના સમાચાર દેશમાં અન્ય ખૂણાંમાંથી આવી રહેલ છે. કોમવાદનો રાક્ષસ ફરીથી પોતાનું માંથું ઊંચકી રહેલ છે. વિદેશી સરકારો ભારતને નબળું પાડવા પોતપોતાની રીતે ભારતમાં કાર્યરત છે. આપણા ભારતીય રાજકારણીઓ પણ આમાં સક્રિય ભાગ ભજવી પોતાની રોટલી શેકી લેવામાં તત્પર છે. ત્યારે ભારતના સામાન્ય નાગરિક એક મૂંઝવણ અનુભવી રહેલ છે કે આ દેશનું આગળ જતા શું થશે, પણ ભારતના દરેક નાગરિકને આજે રાષ્ટ્રીય ધર્મ ઉપર ઊંડાણથી વિચારવું પડશે. જો કોમવાદના ઝેરને સમયસર પારખવામાં આપણે નબળા પડીશું, તો ફરી એકવાર આઝાદી વખતે થયેલ નરસંહાર અને માનવતાની કતલનો સામનો કરવાનો સમય આવી શકે છે. આપણે ભલે કચ્છી કે ગુજરાતી હોઈએ કદાચ આપણો ધર્મ કે રાજ્ય અલગ હોય, પણ આપણે સૌ ભારતમાતાનાં સંતાન છીએ એ વાતને ધ્યાનમાં રાખી આપણું કર્તવ્ય કેવું હોવું જોઈએ એ સમજવું જરૂરી છે.

ભારત એક વૈવિધ્યપૂર્ણ દેશ છે. દેશમાં ઘણીબધી જાતિ અને પ્રાંતના લોકો એકબીજા સાથે ભાઈચારા સાથે વર્તે એ આજના સમયની માંગ છે. કોમવાદનો પલીતો ક્યારે આપણને વિનાશ તરફ લઈ જશે એ ખબર પણ નહીં પડે. હજારો વર્ષથી ભારતની સંસ્કૃતિ ભાઈચારાને પોષતી આવી છે. ભારતમાં ભૂતકાળમાં કેટલાંય વિદેશી આક્રમણો થઈ ગયાં છે. વિદેશી પ્રજાઓ આક્રમણ પછી ભારતમાં રહીને ભારતીય સંસ્કૃતિ સાથે તાલમેળ મેળવી સવાયા ભારતીય બની ગયેલ છે.

પારસી કોમ આનું જ્વલંત ઉદાહરણ છે, પણ હમણાં દેશની સ્થિતિ ખૂબ જ નાજુક તબક્કામાંથી પસાર થઈ રહેલ છે. તાજેતરમાં ભારતની પ્રગતિ અને વિદેશોમાં ભારતની થઈ રહેલ પ્રંશસા અને ભારત એક મહાસત્તા તરફ જે ઝડપથી પ્રયાણ કરી રહેલ છે અને આર્થિક વિકાસ વગેરેથી ચિંતિત થઈ આપણા પાડોશી દેશો ભારતને નબળું પાડવા કોમવાદનો કાર્ડ રમી રહેલ છે.

આપણે સૌ સજાગ થઈ આવા કોમવાદી વાતાવરણનો ભાઈચારાથી સામનો કરવાનો રહ્યો. આવતા સમયને, પવનને પારખવો જ પડશે. હમણાં આપણે સૌ સાથે મળીને ભારતને નબળું પાડતા સર્વે પ્રયાસનો સામનો કરવો જ પડશે. રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા એ રાષ્ટ્રધર્મ નિભાવવા આપણે સૌએ તૈયાર રહેવું પડશે. જો રાષ્ટ્ર સલામત હશે તો આપણે સલામત રહીશું. **આવાજ દો હમ સબ એક હૈ.**

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# INCREDIBLE INDIA

# ‘પેગોડા’



બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની વિચારશૈલી લગભગ સરખી જ છે. ત્યાં પણ અહિંસા અને પ્રાણીમાત્ર સાથે પ્રેમ રાખવો એને મહત્ત્વ અપાયું છે. બૌદ્ધ ધર્મનું ધર્માલય એટલે ‘પેગોડા’.

આવું જ એક ધર્માલય મુંબઈમાં બોરીવલી નજીક આવેલું છે. બોરીવલીથી ગોરાઈ પહોંચી ત્યાંથી બોટની વ્યવસ્થા રાખવામાં આવેલ છે, જ્યાંથી સામે પાર પેગોડા જઈ શકાય છે. જ્યાં ઊંચું અને વિશાળ પ્રવેશદ્વાર છે, જેમાં પ્રવેશતાં ડાબી બાજુ પેગોડાની ઐતિહાસિક ઘટનાઓનાં ચિત્રોનું નાનકડું મ્યુઝિયમ છે, જ્યારે જમણી બાજુ એન્ટિક વસ્તુઓનું  વેચાણ થાય છે. આગળ ચાલતાં સામે મોટો ઘંટ દેખાઈ આવે છે જે પુરાતન કાળમાં લોખંડના થાંભલાને ધોકા જેવા લાકડા વડે જોરથી અથડાવવામાં આવતાં ઘંટનાદ થાય છે.

ઉપર ચઢતા જૈન દેરાસરમાં ચાલતા હોઈએ એવો ભાસ થાય છે. આ ઊંચા ધર્મમંડપની બહાર વિશાળ લૉબી આવેલી છે. જ્યાંથી અંદર પ્રવેશવા માટે ૧૦ થી વધુ દરવાજા રહેલા છે. આ રંગમંડપની બાંધણી મંત્રમુગ્ધ કરી દે એવી છે. અહીં ૨૦૦૦થી વધુ જનમેદની આરામથી બેસી શકે એવી એની વિશાળતા છે. લાઈટ કે પંખાની અવેજમાં ઊંચા ગુંબટમાંથી પૂરતો પ્રકાશ આવી રહે છે. વચ્ચે એક પણ થાંભલા વિનાના આ મંડપનું બાંધકામ કેવી રીતે થયું હશે એ વિચારીને નવાઈ લાગે. અહીં અવારનવાર વિપશ્યના અને મેડિટેશનની શિબિરોનું આયોજન થતું રહે છે. લૉબીની આગળ વિવિધ નાનામોટા બગીચા રહેલા છે. જ્યાંથી કુદરતનો નયનરમ્ય નજારો જોવા મળે છે.

ત્યાંથી થોડાં પગથિયાં ઊતરતાં મીની થિયેટર છે, જેમાં પેગોડાના નિર્માણની ગાથા તેમ જ બૌદ્ધ ધર્મનો ભારતમાં પ્રવેશ કેવી રીતે થયો એની કથા દેખાડવામાં આવે છે. બાજુમાં એક બીજું મ્યુઝિયમ આવેલું છે. જેમાં કપિલા નગરી તેમજ ભગવાન બુદ્ધના જન્મથી લઈને એમને પણ મહાવીરસ્વામીની જેમ કેટલાય કષ્ટો વેઠવા પડ્યાં અને કેવી રીતે એમણે બૌદ્ધ ધર્મની સ્થાપ્ના કરી એ ચિત્રપ્રર્દશની દ્વારા બતાડવામાં આવ્યું છે.

એકંદરે શાંત અને આહલાદક વાતાવરણ ધરાવતાંઆ ધર્માલયની મોટાઓની સાથે બાળકોને પર મજા પડી જાય એવી પેગોડાની મુલાકાત લેવા જેવી છે.

*ફોટો અને માહિતી :*

**ગીતા સતરા, ગુંદાલા**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com



લીલાધર માણેક ગડા-અધા

# સાહિત્યનો રસથાળ

બહુ ઓછી સંસ્થાઓ પોતાના નિશ્ચિત ઍજન્ડા ઉપરાંત અન્ય કાર્યવાહી હાથ ધરે છે જે માનવસમુદાય ઉપરાંત અન્ય જીવોને માટે જરૂરી હોય. આવી સંસ્થાના સંચાલકો પાસે દીર્ઘદૃષ્ટિ અને વિશાળ દિલ હોય છે. ઘણી વખત તેમને શીઘ્ર નિર્ણયો લેવા પડે છે જે તે સમયનો તકાજો હોય છે. આફત કે દુર્ઘટના વખતે સંસ્થાઓ થોડા સમય માટે કદાચ અન્ય પ્રવૃત્તિ હાથ ધરે. આવી પ્રવૃત્તિઓ જરૂરી હોય તોપણ તેને કાયમી પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવતી નથી. કચ્છમાં આવી બ–ત્રણ સંસ્થાઓ અપવાદરૂપ છે જે જરૂરત ઊભી થાય ત્યારે અસ્થાયી પ્રવૃત્તિને કાયમી પ્રવૃત્તિરૂપે સ્વીકારે.

આજથી પચાસ વર્ષ અગાઉ કચ્છની ત્યારની અછત અને દુષ્કાળની પરિસ્થિતિ સામે કાર્ય કરવા માટે વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ હતી જે VRTI નામે પ્રસિદ્ધ છે. વરસતા પાણીનો સંગ્રહ, રિચાર્જ બોરવેલ, ચેકડેમ, ખેતી સુધારણા, ખેત તલાવડી, પાણી બચાવો, જમીન સુધારણા જેવાં પાયાનાં કામો હાથ ધરવા એ સંસ્થાનો મુખ્ય ઍજન્ડા હતો. સમયાંતરે સંસ્થાએ શિક્ષણ પ્રવૃત્તિ પણ હાથ ધરી. આજે સંસ્થા શાળાનું સંચાલન કરે છે. ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપી, એમના ઉત્પાદનનું વેચાણ કરી ગામડાની બહેનોને યોગ્ય દામ મળી રહે તેવી પ્રવૃત્તિ પણ કરે છે. જનજાગૃતિ માટે ડાયરાઓ, ગ્રામસભાઓ, કીસાન મેળાઓ વગેરેનું આયોજન કરે છે.

સંસ્થાની પ્રવૃત્તિઓ અને કામગીરીની લોકોને માહિતી મળતી રહે તે માટે ૨૮ વર્ષ અગાઉ સંસ્થાએ વિવેકગ્રામ માસિક શરૂ કર્યું જે અત્યાર સુધી નિયમિતપણે પ્રતિ મહિને પ્રસિદ્ધ થાય છે. વિવેકગ્રામે થોડાં વર્ષ અગાઉ પુસ્તક પ્રકાશન ક્ષેત્રે પદાપર્ણ કર્યું જે અત્યારે વી.આર.ટી.આઈ.ની મુખ્ય પ્રવૃત્તિ બની ગઈ છે. પાણી અને ખેતીનાં ક્ષેત્રે કામગીરી શરૂ કરનાર સંસ્થાએ આજે પ્રકાશન અને સાહિત્ય ક્ષેત્રે જે અદ્‌ભુત કાર્યવાહી કરી છે તેની વાત આજે મારે પગ મેં ભમરીમાં કહેવી છે.

વિવેકગ્રામમાં શરૂઆતમાં VRTI સંસ્થાની કામગીરીઓ અને વિશિષ્ટ અહેવાલો આપતું માહિતીસભર માસિક હતું, પરંતુ સમયાંતરે એમાં વાર્તાઓ, કવિતાઓ પણ પ્રસિદ્ધ થવા લાગી અને વિવેકગ્રામ સંસ્થાના

માહિતીપત્રકને બદલે સાહિત્ય પીરસનારું માસિક બન્યું છે જેનું શ્રેય વિવેકગ્રામના તંત્રી શ્રી ગોરધનભાઈ પટેલ ''કવિ'' અને એમના સાથીદાર કપિલભાઈને આપવું ઘટે. વિવેકગ્રામમાં પીરસવામાં આવતાં વિવિધ સાહિત્યને કારણે તે રુચિકારક પણ બન્યું છે. વિવેકગ્રામમાં ૮ વર્ષની બાળકીનાં કાવ્યો અને ૮૦ વર્ષના વયસ્કની વાર્તા; દરેકને યોગ્ય સ્થાન આપવામાં આવે છે. કૃષિ-ખેતી વિષયક માહિતી ખેડૂતોને ખૂબ ઉપયોગી છે.

વિવેકગ્રામે છેલ્લા બે દાયકામાં ગુજરાતી સાહિત્યની મોટી સેવા કરી છે. આ સમાંતર કચ્છી જાણ-સુજાણ કાર્યક્રમ અંતર્ગત કચ્છી ભાષાના પ્રચાર અને પ્રસાર માટે પણ મહામોલું યોગદાન આપ્યું છે. આદરણીય તુલસી ગજરાએ નિર્માણ કરેલી પરંપરાને પૂજ્ય કાન્તિકાકાની પ્રેરણાથી VRTIનાં કાર્યકરોએ આગળ ધપાવી છે. આજથી બે દાયકા અગાઉ જળમંદિર પ્રવૃત્તિ શરૂ થઈ ત્યારે પાણી સંગ્રહ અને પાણી બચાવવા અંગે લોકજાગૃતિ ઊભી કરવા લાલ રાંભિયાના નેતૃત્વ હેઠળ હેતુલક્ષી ડાયરાઓની હારમાળા યોજી હતી અને આવા ડાયરાઓનું સંકલન ગોરધનભાઈ કવિ સંભાળતા હતા. જે સંસ્થામાં આ પ્રકારનું લચીલાપણું હોય છે એ સંસ્થા હંમેશાં યુવાન હોય છે.

વિવેકગ્રામે ગુજરાતી પુસ્તકો પ્રકાશન કરવાનું નક્કી કર્યું ત્યારે સૌને શંકા હતી કે VRTI આ ક્ષેત્રે શું કરી શકશે ? કયા લેખકો પોતાની કૃતિઓ છાપવા અને પ્રકાશિત કરવા માટે VRTI જેવી સંસ્થાને બારણે જશે જેની પાસે પુસ્તક પ્રકાશનનો કોઈ પણ અનુભવ ન હતો ? પુસ્તક પ્રકાશન સ્વયં એક મોટો વ્યવસાય છે જેની સાથે લેખક, પ્રિન્ટર અને પ્રકાશકનાં હિતો સમાંતર કક્ષાએ સંકળાયેલાં હોય છે. VRTI સંસ્થાને પુસ્તક પ્રકાશનમાંથી અર્થોપાર્જન - કમાવવાની કોઈ આકાંક્ષા હતી નહીં. VRTIનો ઉદ્દેશ નવોદિત લેખકોને પ્રોત્સાહિત કરવાનો હતો, અને ગુજરાતી સાહિત્યની સેવા કરવાનો હતો. જેમાં સંસ્થા સફળતાને વરી છે. જે પુસ્તકો પ્રસિદ્ધ થયા છે તેની સૂચિ દર્શાવે છે કે વિવેકગ્રામે સાહિત્યનાં તમામ ક્ષેત્રનાં પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. કવિતાઓ, વાર્તાસંગ્રહો, બાળસાહિત્ય, નવલિકાઓ, નવલકથાઓ, આત્મચરિત્રો, જીવનચરિત્રો, નાટકો, પ્રવાસવર્ણનો, દરેક વિભાગોને આવરી લેતા ૧૦૩ લેખકોનાં ૨૦૭ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. કોઈ સ્વૈચ્છિક સંસ્થાએ એમના મુખ્ય ઉદ્દેશોની સાથે સાથે કલા અને સાહિત્યની આટલી મોટી સેવા કરી હોય એવો અન્ય દાખલો નહીં મળે. વાર્તાલેખન અને નાટ્યકલા માટે સંસ્થા કાર્યશાળાઓ યોજે છે અને યુવાન ભાઈ-બહેનો માટે તાલીમશાળાનું આયોજન કરે છે.

વી.આર.ટી.આઈ.એ સાહિત્યની સેવા પુસ્તક પ્રકાશન ઉપરાંત અન્ય રીતે પણ કરી છે. ડિસેંબર, ૨૦૦૬માં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૪મું અધિવેશન માંડવીમાં

યોજવામાં આવ્યું હતું. એ પ્રસંગે જ્ઞાનસત્રની અધ્યક્ષતા શ્રી કુમારપાળ દેસાઈએ શોભાવી હતી અને સમગ્ર ગુજરાતમાંથી ૫૫૦ ડેલિગૅટો માંડવી પધાર્યા હતા જેમાં ઘણા ગુજરાતના ટોચના સાહિત્યકારો હતા. સાહિત્ય પરિષદનું યજમાનપદ VRTIએ સ્વીકાર્યું હતું. ગયા વર્ષે સંસ્થાએ ૧૦૧ લેખકોનું ભુજમાં જાહેર સન્માન કર્યું હતું.

VRTI સંસ્થાએ ૧૩ અને ૧૪ જુલાઈ, ૨૦૨૪ના બે દિવસ માટે માંડવીના એમના કૅમ્પસમાં જ્ઞાનસત્રનું આયોજન વિશિષ્ટ અભિગમ અને વિચાર સાથે કર્યું હતું. ઓગણીસમી અને વીસમી સદીના ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિ બાર કવિ, વાર્તાકાર અને સંશોધકોનાં સાહિત્યનાં વિવિધ પાસાંનું રસમય આચમન કરાવવા યુવાન અને નવોદિત લેખકો, વિવેચકો અને પ્રોફેસરોને નિમંત્ર્યા હતા. આગલી પેઢીના સાહિત્યકારો જેમના પ્રદાન અંગેની વાતો કરવાની હતી તેમનાં નામોની અને વિષયોની પસંદગી પણ નિરાળી હતી.

| **સર્જકો** | **વિષય** | **વક્તા** |
|---|---|---|
| દલપતરામ અને નર્મદ | સુધારક યુગના સર્જકો | પ્રો. હેમંત દવે |
| કવિ કાન્ત | પંડિત યુગનાં શુક્ર તારક | પ્રો. ભાવેશ વાળા |
| ગોવર્ધનરામ ત્રિપાઠી | યુગપ્રભાવક સર્જન | રાઘવ ભરવાડ |
| કાકાસાહેબ કાલેલકર | કેળવણીકાર, પ્રવાસી અને ચિંતક | ચાર્વીબેન ભટ્ટ |
| કનૈયાલાલ મુનશી | અસ્મિતાના ઉદ્‌ઘોષક | ડૉ. કાન્તિભાઈ ગોર |
| ઝવેરચંદ મેઘાણી | લોકસાહિત્યના સંશોધક | વસંત ગઢવી |
| સુંદરમ અને ઉમાશંકર જોષી | સમર્થ કવિ બેલડી | પ્રો. યોગેશ જોષી |
| ગૌરીશંકર જોષી ‘‘ધુમકેતુ’’ | અગ્રીમ વાર્તાકાર અને કથાકાર | માવજી મહેશ્વરી |
| પન્નાલાલ પટેલ | સાહિત્યજગતનો ચમત્કાર | પ્રો. અજયસિંહ ચૌહાણ |
| મનુભાઈ પંચોળી ‘‘દર્શક’’ | વિશિષ્ટ કૃતિઓના સર્જક | ડૉ. નીતિન રાઠોડ |

સાહિત્ય મહોત્સવનાં આયોજન, વિષયોની પસંદગી અને વક્તાઓનું ચયન કરવાની જવાબદારી VRTIના શ્રી ગોરધનભાઈ પટેલ ‘‘કવિ’’ અને ડૉ. કાન્તિ ગોરની હતી. આ માટે એમણે ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસું લેખકો, વિવેચકો, પ્રોફસરોનો સંપર્ક કર્યો હતો અને વીસ વક્તાઓ પૈકી દસ વક્તાઓને સમય, વિષય બધું અનુકૂળ હોવાથી એમને પસંદ કરવામાં આવ્યા હતા. દરેક વક્તાએ પોતાના વિષયને ન્યાય આપ્યો હતો અને પોતાનું વક્તવ્ય પંદર દિવસ અગાઉ મોકલી આપ્યું હતું. પ્રવચનની સમય


મર્યાદા હોવાથી સમગ્ર લેખ પ્રવચનમાં આમેજ ન થાય એટલે એમના લેખો પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાનો નિર્ણય લીધો હતો જે આવકારદાયક પગલું હતું. દરેક વક્તાના વિચારોને સ્થાન આપતી ૧૨૫ પાનાંની પુસ્તિકા ''ફલશ્રુતિ'' ૧૪ જુલાઈના પ્રસિદ્ધ થઈ અને દરેક શ્રોતાને આપવામાં આવી.

VRTIના નાના હૉલમાં ૧૫૦ જેટલા શ્રોતાઓની હાજરીમાં સાહિત્ય મહોત્સવનું મંગલાચરણ અને આ સત્રાનું ઉદ્‌ઘાટન ગુજરાતી સાહિત્ય પરિષદમાં પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. તેમણે VRTIને આયોજન માટે અભિનંદન આપ્યાં હતાં અને આ સત્રમાં કૉલેજના વિદ્યાર્થીઓની હાજરી માટે આનંદ વ્યક્ત કર્યો હતો. ગુજરાતી સાહિત્યિક સંસ્થાઓ આવી પ્રવૃત્તિ કરે એ સાહજિક છે પરંતુ વી.આર.ટી.આઈ. જેવી સંસ્થા આવું સાહિત્ય સેવાનું કામ હાથ ધરે એ અવિસ્મરણીય ઘટના છે. દરેક વક્તાએ પોતાના વિષયને ભરપૂર ન્યાય આપ્યો હતો. સામાન્ય રીતે આવા એકાદ-બે પ્રવચનો પછી શ્રોતાઓની ઊઠબેસ ચાલુ થતી હોય છે, પરંતુ અહીંયાં એવું બન્યું નહીં. વક્તાઓએ પોતાની વાત રસમય રીતે રજૂ કરી હતી અને શ્રોતાઓએ પણ શાંતીથી દરેક વક્તાને સાંભળ્યા હતા, વખાણ્યા હતા અને ઉત્સાહ વધાર્યો હતો. અમારે માટે તો આ એક સંભારણું બની ગયું. દિગ્ગજ સાહિત્યકારોનાં સાહિત્ય પ્રદાન અને વ્યક્તિત્વ વિષે પોણા કલાકના પ્રવચનમાં કહેવું વક્તા માટે સરળ કામ ન હતું, છતાં વિદ્વાન વક્તાઓએ ગાગરમાં સાગર ભરી દીધો. સાહિત્ય સત્રાનું સમાપન કરતાં પ્રસિદ્ધ કથાકાર, શ્રી રવિભાણ સાહેબ આશ્રમના ગાદીપતિ, દલપતભાઈ પઢિયારે મનનીય પ્રવચન આપ્યું હતું. એમણે આવાં સાહિત્ય સત્રોને પ્રભુની પ્રસાદી કહી હતી. દલપતભાઈએ પોણો કલાક અસ્ખલિત વાણીમાં કરેલું ઉદ્‌બોધન હૃદયસ્પર્શી હતું. એમણે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આ પ્રકારની સાહિત્યલાણી શહેરનો બદલે ગામડામાં થાય. શ્રોતાઓની હાજરી ભલે ઓછી હોય, પરંતુ એ ઘડિયાળનાં કાંટે ઊઠબેસ ન કરે.

સાહિત્ય સત્રામાં ઉપસ્થિત આદરણીય સાહિત્યકારોની ઈચ્છાને અમે ઝીલી લીધી છે, સ્વીકારી છે અને ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના ભોજાયના આંગણે ''સાહિત્ય અને અધ્યાત્મવાદ તથા સંત પરંપરા'' વિષય પર બે દિવસનું ચર્ચા સત્રાનું આયોજન કર્યું છે અને VRTIના સાહિત્ય સમારોહના સમાપન સમારંભમાં એનું નિમંત્રણ પણ આપ્યું છે.

ડૉ. કાન્તિ ગોર અને અધાએ કચ્છ અને કચ્છ બહારના સંત સાહિત્યનાં વિષયો સાથે સાત વિદ્વાનોને એમના વિચારોને અભિવ્યક્ત કરવા નિમંત્રણ આપ્યું છે. આ સમારોહની વિગતો ઑક્ટોબર મહિનામાં આપવામાં આવશે. સાહિત્યરસિકોને રસલહાણી લેવા આગોતરું ભોજાય પધારવાનું નિમંત્રણ છે.

**મો.: ૯૮૭૯૧૦૬૦૫૯**



# બધું સુંદર કરતાં કરતાં

ડૉ. ગુલાબ દેઢિયા

વસ્તારી ઘરમાં દિવાળીના પગરણ સાફ-સફાઈથી થવા માંડે. દર વર્ષે જૂની ચીજવસ્તુઓ પેટીઓમાંથી, મેડા પરથી, અલમારી પરથી, ક્યાંક્યાંથી નીકળતી. સાફ થતી, ભાદરવા-આસોનો તડકો દેખતી, ફરી સ્વસ્થાને આસન ગ્રહણ કરતી, જેમાં ગાદલાં-ગોદડાં પણ આવી જતાં. મોટા ઘરમાં સંઘરો વધતો જતો.

ઘરમાં કે મનમાં આવેલી વસ્તુ કે વાત ઝટ જતી નથી, છૂટતી નથી. જ્યારે ફરી દેખા દે ત્યારે જૂનાં સંસ્મરણો જાગી ઊઠે છે. વસ્તુ તો ફરી ક્યારેક કામ લાગશે એમ માની સાચવીને રાખું છું, પણ મનમાં કેટલીય વાતો, સ્મરણો હવે જેનો ખપ નહિ પડે એવાં, ઘર કરી બેઠાં છે. મનની દિવાળી ક્યારે !

સફેદ માટી પલાળીને એનાથી ઘરની ભીંતોને અમે જાતે જ ધોળતા. એ ‘શીળી માટી’થી ઘર હસી ઊઠતું. સામાન બહાર મૂક્યો હોય અને ભીંતો ધોળાઈ જાય ત્યારે ઓરડામાં મોકળાશ અને પ્રસન્નતા વધી જતી. પરિચિત ઓરડો નવોનવો લાગતો. ખાલી ઓરડામાં અમે છોકરાઓ આમ તેમ આંટા મારતા. પછી ગોઠવણીનો દોર શરૂ થતો. ડામચિયો, કબાટ, પેટીઓ વગેરેના ફેરફાર કરવાના આયોજન થતાં, છતાં ફરી ઘણુંબધું એમ જ ગોઠવવું પડતું. સંકડાશ, મોકળાશ, સગવડ બધું જોવા જતાં ઘીના ઠામમાં ઘી પડી રહેતું.

ઓસરીમાં ભીંત પર તોરણ, ગણપતિ, દ્વારપાળ વગેરે ચિત્રો હતાં. દીવાલોને ઘસીઘસીને ધોતા ત્યારે એ જૂનાં ચિત્રો આછાં-ઝાંખાં પ્રગટતાં હતાં. હું વિચારતો કે આ ચિત્રો ખરેખર પૂર્ણ રંગછટા સાથે હોય તો કેવું સારું લાગે ! પણ એ તો વર્ષો પહેલાં કોઈ કીમિયાગરે દોરેલાં ચિત્રો હવે તો ભીંતો ધોવાય ત્યારે જ દેખા દે એવાં રહી ગયાં હતાં. અમે ફરીથી ભીંત પર સફેદ રંગ ફેરવી દેતા. ચિત્ર ફરી ભૂતકાળના ખંડમાં સરી જતું. આજે પણ એવું થાય છે કે એ ભીંતચિત્રો ત્યાં હશે તો ખરાં ને ! કેવી અલપઝલપની સૃષ્ટિ છે ! દેખાવું, પણ પૂરા પ્રગટ ન થવું. દાયકાઓ પહેલાં દાદા-દાદીએ એ ચિત્રો સાથે વાતો કરી હશે. પછી ઝાંખાં થતાં ઢંકાઈ ગયાં હશે, પણ અસલ રંગ હજી ગયા નથી. હવે પ્રગટ નહિ થાય, કારણકે હવે ભીંતો ધોવાતી નથી. શીળી માટીને બદલે પાકા રંગના બ્રશ ફરી ગયા છે.

ખરું અઘરું, કષ્ટદાયક કામ તે રસોડાના જામેલા ધુમાડાના કાળા થરને હટાવવાનું

રહેતું. ગામડાનાં ઘરેઘરનાં જૂનાં રાંધણિયાંએ કેટલાં આસું પીધાં હશે!

રાંધણિયું તો છેક છાપરા સુધી, વળી ને નળિયાં સુધી કાળુંમેશ. એની દીવાલોને, બારી-બારણાને ધોતાં કાળા રંગના રેલા ચાલતા. શીળી માટીના સફેદ રંગના લપેડા થોડી ધવલતા પ્રસરાવતા.

માતા ઘણાઘણા થાક વચ્ચે બધાં કામ આટોપી, છેલ્લે માટીના ચૂલાને પણ ધોળીને શ્વેત સુંદર કરી દેતી. કોઈ જરૂર કહેતું: ચૂલાને ધોળવાની શી જરૂર છે? એ તો સળગાવતાં જ પાછો કાળોમેશ થઈ જશે.

મા કંઈ ન બોલતી. અમારું રંગકામ શરૂ થતું ત્યારે તો અમે ભારે હોંશીલા દેખાતા પણ અર્ધી રાતે માંડમાંડ પૂરું થતું ત્યારે અમે રંગથી ને થાકથી રંગાઇ જતા. હાશ, પૂરું થયું એની ખુશી પણ થતી.

ફરી સવારે ઊઠીને માતાને તો એ જ ચિરપરિચિત ચૂલો સળગાવવાનો રહેતો. તે જરાક થોભતી. થોડી ક્ષણો માટે, ચૂલાને સ્વચ્છ, સફેદ રંગમાં રંગેલો મનભરીને જોઈ લેતી. પછી કામમાં ગૂંથાઈ જતી.

ત્યારે તો ક્યાંથી સમજાય, આજે ખ્યાલ આવે છે કે એ કેવડી મોટી વાત હતી! બધું સુંદર કરતાંકરતાં એને સુંદરતાના શિખર પર લઈ જવું. ખબર છે થોડી વાર પછી, થોડી પળો બાદ એમાં અવરોહ આવશે. ખરી તૃપ્તિ એ આરોહ સુધી પહોંચવામાં છે.

કાળ ઉપર, પરિસ્થિતિ કે સંજોગ ઉપર થોડી વાર, તો ભલે થોડી વાર માટે એક સુંદર સપનું મઢી દેવું. પછી સરળ, સહજ ભાવે વાસ્તવિકતાને સ્વીકારી લેવી. થાય ત્યાં લગી સારું કરવું, મનગમતું કરવું, નહિ ટકે એ જણ્યા છતાં કરવું એ ખરી મજા છે. પ્રસાદ અને આનંદને જથ્થાનો લોભ ન હોય.

રોજ સવારે ઘરઆંગણે સાદી, સરળ રંગોળી કાઢવા પાછળ પણ આવો જ કોઈ વિચાર હશે ને! ભલે પછી ભુંસાઈ જાય, વાયરો વિક્ષેપ પાડે, કોઈનો પગ પડી જાય પણ થોડી વાર માટે તો આંગણે મલકાટ કાં ન રોપી દેવો?

થોડી વાર માટે પૂર્ણ પ્રફુલ્લન સુધી પહોંચી જવું એ માણસનો જ નહિ, કુદરતનો પણ નિયમ છે.

ચૂલો કેટલો ધોળો થયો, કેટલી વાર સફેદી રહી, બીજાના ચૂલા કરતાં ઓછો સફેદ થયો કે વધુ એવું કશું ત્યાં હોતું નથી. પ્રયત્ન કર્યો, દિલ રેડ્યું પોતાને ગમ્યું. બસ મન પોતે તથાસ્તુ કહે તોય ઘણું છે. સુંદરતા એ માળાનો મેર છે. ચક્ર ફરી ચાલવાનું જ છે. એવરેસ્ટ પર કંઇ ગામ વસતાં નથી, ત્યાં પહોંચવાનું છે. આપણો હિમાલય ક્યાંક આપણી આસપાસ હોય છે, સપનાં વાવવાં, ઉછેરવાં અને ખીલવવાં.

**મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨**

# અલિપ્ત રહેવામાં જ સાર છે!!!

✻ જાદવજી કાનજી વોરા ✻

અલિપ્ત થવું એટલે કે લિપ્ત નહીં તેવું કે નિર્લેપ અથવા અનાસક્ત. તમારો ગમે તે પ્રકારનો સ્નેહ હોય કે તમે કોઇ પણ સંબંધમાં બંધાયેલા હો તોપણ આપણને સહુને ખ્યાલ છે કે અલિપ્ત થઇ જવામાં જ તમને અને અન્યોને સુખ, શાંતિ અને સગવડ મળી રહે છે. જો આ પરિસ્થિતિ તમને ફાવે તો ઠીક છે, પણ નુકશાન કંઈ જ નથી એ વિશે નિશ્ચિંત રહેજો! જો અલિપ્ત થવામાં કાંઇ પણ નુકશાન ન હોય, તો પછી અલિપ્ત રહેવામાં ક્યાં વાંધો છે? એક પ્રકારનું મમત્વ કે બીજું કંઇ? અલિપ્ત થવું એટલે કે કોઇની સાથે સંબંધ ન રાખવો એવું નથી, પણ જે પણ હકીકત હોય કે પરિસ્થિતિ હોય તેનો સ્વીકાર કરવો. કોઇ પણ વાતને મન પર નહીં લેવું. કોઇ ખોટી આશા કે અપેક્ષા રાખવી નહીં. એક વાત ધ્યાનમાં રહે કે કોઇ પણ માણસનો સ્વભાવ ક્યારેય બદલાતો નથી કે સ્વભાવની કોઇ દવા નથી. કોઈ પણ વ્યક્તિનો સ્વભાવ કે આપણા પ્રત્યેનું વલણ બદલાવવાની કોશિશ કરવા જેવી જ નથી. ખુલ્લા દિલે સ્વીકાર કરો અને શાંતિ ભોગવો!

આપણા સંબંધો આ વર્તમાન ભવ પૂરતા જ છે એનો સ્વીકાર કરો. આવતા ભવમાં તો મનુષ્યભવ મળશે એની પણ ક્યાં કોઇને ખાતરી છે? આવતા ભવમાં આપણે શું હોઇશું એનો પણ આપણને ખ્યાલ નથી! આવતા ભવમાં આપણા સંબંધો શું હશે એનો પણ આપણને ક્યાં ખ્યાલ છે કે પછી પત્ની, દીકરા, દીકરી કે પુત્રવધૂ સાથે શું સંબંધ હશે એનો પણ કોઈને ક્યાં ખ્યાલ છે? ત્યારે હવે તો ક્યાં કોઇનું માઠું લગાડવું કે કોઇની સાથે સંબંધો બગાડવા? ક્યારેક કોઇને કોઇની સાથે ફાવતું હોય તો ક્યારેક કોઇને કોઇની સાથે! તમારે એવી ખોટી અપેક્ષા રાખવી નહીં કે બધાને તમારી સાથે જ ફાવશે કે ગમશે! બધા તમારી સાથે વધારે સમય વિતાવશે એવી અપેક્ષા પણ રાખવા જેવી નથી જ! થાય એ તો, જે પણ પરિસ્થિતિ હોય તેનો સ્વીકાર કરો અને શાંતિ ભોગવો અને અલિપ્ત રહો! બની શકે ત્યાં સુધી નિર્લેપ અથવા અનાસક્ત જ રહો અને તમે તથા અન્ય તમારા પરિવારમાં રહેલી વ્યક્તિઓ સુખ અને શાંતિ ભોગવો!

તમારાં સંતાનો વિદેશમાં કે અન્યત્ર વસે છે. ઠીક છે, કેટલીક વખત એમનો કે તમારો જન્મદિવસ કે વેડિંગ એનિવર્સરી તમારી સાથે

ઊજવી હોય, પણ હંમેશાં તે તમારી સાથે જ ઊજવશે એની કોઇ ગૅરંટી નથી કે એવી કોઈ અપેક્ષા રાખવા જેવી પણ નથી. તેમની વારંવાર મુલાકાત થશે કે વિદેશમાં રહેતા હોય તો એ શક્ય પણ નથી. આવા વખતે જ મનમાં કોઇ પણ પ્રકારનું દુઃખ કે ઓછું આણ્યા વગર મનને સમજાવવું કે, ''ભાઇ, તમને તો એ અણીને વખતે કે તમે સાજા-માંદા રહેતા હો ત્યારે તમારી પૂછપરછ કરે જ છે ને? કે તમારી સાથે એ અવારનવાર ટેલિફોન દ્વારા તમારા સંપર્કમાં રહે છે ને? તમારી એ જરૂરત વખતે સંભાળ રાખે જ છે ને!'' તમારે એવો સંતોષ રાખવો કે એવાં કેટલાંય સંતાનો છે કે જેઓ આવા મહત્ત્વના સમય વખતે પણ પૂછતાછ નથી કરતાં કે એવા કોઇ પણ કામમાં નથી આવતાં. આવાં સંતાનો હોય તોય શું કે ન હોય તોય શું? આ તો તમે જેટલા વધારે ડિટેચ કે વધારે અલિપ્ત રહેતા હો તો સારું જ છે ને!

તમે ખૂબ જ મહેનત કરીને કેટલીક સ્થાવર કે જંગમ મિલકતો ભેગી કરી હોય અને હાલમાં તેનો ખાસ વધારે ઉપયોગ ન કરી શકતા હો તો શાંત મને વિચાર કરીને આવી મિલકતો પર અલિપ્ત કે અનાસક્ત ભાવ સેવીને પરિગ્રહ ઓછો કરતા જાવ એમાં જ સુખ અને સમાધાન છે. આપણા ઘરમાં એવી કેટલીય વસ્તુઓ હોય છે જેનો આપણે કેટલાંય વરસોથી ઉપયોગ ન કર્યો હોય અને ભવિષ્યમાં કદાચ કેટલાંય વરસો સુધી તેનો ઉપયોગ ન કરવાના હો. હા, આવી વસ્તુઓ કેટલાક સમય પછી કામમાં આવશે એવા ખ્યાલથી આવી વસ્તુઓ સાચવીને રાખેલી હોય છે. જો કે, આવી વસ્તુઓનો ખાસ કોઇ અર્થ પણ હોતો નથી, એટલે તે ઓછી કર્યે જ છૂટકો હોય છે. આવી વસ્તુઓને EMOTIONAL ATTACHMENTS કહેવાય છે જેનો પરિગ્રહ ઓછો કરવો જ જોઈએ. બની શકે તો વયસ્ક માણસોએ આવું ડેથ ક્લિનિંગ અથવા તો જેને મૃત્યુ પહેલાંની સાફસફાઇ કહેવાય છે એ કરી જ લેવી. વસ્તુઓ કાઢતી વખતે મક્કમ અને એકાગ્ર રહો. પોતાની જરૂરિયાત અનુસાર સમયની ગોઠવણી કરીને વ્યવસ્થિત રીતે સાફસફાઇનું કામ કરવું. પોતાને ગમતી વસ્તુઓ કાઢતી વખતે લાગણીશીલ કે સંવેદનશીલ ન બનવું. વ્યવહારુ બનવું. દર વર્ષે થોડુંથોડું ડેથ ક્લિનિંગ કરતાં રહેવું. નવી વસ્તુઓ અધિક માત્રામાં કે પૈસા હોવાને લીધે ખરીદવાની બંધ કરવી.


જો કે તમારી મૂડી કે બચત સાચવી રાખવી અને મરણોપરાંત તે કોને મળે તે માટે વસિયત તૈયાર રાખવી. જાણે-અજાણે કોઇનું દિલ દુભાયું હોય તો માફી માગી લેવી અને મન પરનો બોજ હળવો કરવો. જેમણે મદદ કરી હોય તે બધાનો આભાર માનવો. કોઈ પણ પ્રકારની ગ્રંથિ મનમાં

ન રાખવી, જેથી જ્યારે જવાનું આવે ત્યારે શાંતિપૂર્વક કોઈ પણ પ્રકારના કર્મના ભાર વગર જવાય. માત્ર સારી સ્મૃતિઓ અને સ્થિર મન લઇને જવું. જેટલો ઓછો સામાન એટલી પ્રવાસની વધુ મજા આવશે.

કેટલાક વરસો પહેલાં કોઈની જિંદગીમાં સલાહ દેવી કે દખલ કરવી એ બહુ જ સામાન્ય ગણાતું. કોઈ પણ મોટી ઉંમરના કે વયસ્ક માણસો તો જાણે પોતાનો જન્મસિદ્ધ અધિકાર હોય તેમ સલાહ આપવા બેસી જતા. હવે આવું રહ્યું નથી. હવે પરિસ્થિતિ બદલાયેલી છે. આપણા વિચારો કોઈની સાથે પણ share થઇ શકતા નથી. બધા માણસો હોશિયાર થઇ ગયા છે. આવી વણમાંગી સલાહ કોઇને ગમતી નથી. આજકાલ એ જમાનો છે જ્યારે તમારાં સંતાનો ઉંમરલાયક થાય ત્યારે એમને કહી દો કે, ''બેટા, હવે મારી ઉંમર થઈ ગઈ છે એટલે તમને કાંઈ પણ સલાહ નહીં આપું. જો હવે તમે ક્યાંક અટકો કે મૂંઝાવ તો તમારે પૂછવાની છૂટ છે, તો જ હું સલાહ આપીશ.'' હવે તો તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપનો જમાનો છે. ન બોલવામાં નવ ગુણ સમાયેલા છે. એટલે આવા સમયમાં જેટલું ઝડપથી આપણે સમજી જઇશું એટલું સારું અને સલાહભર્યું છે.

બાળકો લગ્ન કર્યાં પછી પોતાના સંસારમાં જોડાય છે અને પોતાનો સંસાર સંભાળે એમાં કશું જ ખોટું નથી. જો છોકરાઓ પોતાની વ્યવસ્થા પોતે જ કરતા હોય તો એમાં વડીલોને શું તકલીફ છે? આવા સંજોગોમાં કોઇ પણ તકરારને અવકાશ ન હોવો જોઇએ. 'બધા મારું જ સાંભળે' એવો આગ્રહ પણ ન હોવો જોઇએ. નિર્ણય લેવાની ક્ષમતા બધાની અલગ અલગ હોય છે. ઠીક છે, હવે તો એમને પોતાના નિર્ણયો લેવા દો. ભલે ને ભૂલ કરશે. એમાં જ ઘડાશે. એમાં જ તેઓ પરિપક્વ થશે. હવે એ નાનાં નથી જ રહ્યા. નાનપણમાં ભલે ને આપણે એમને કહેતા હતા કે, ''તને આમાં ખબર નહીં પડે. એકવાર તમે PARENTS બનશો પછી જ તમને ખ્યાલ આવશે.'' ધ્યાનમાં રાખજો કે અલિપ્ત થવામાં જ સાર છે. જો તમે અલિપ્ત થવાની ટેવ રાખશો તો ખ્યાલ આવશે કે વરસાદ પડી ગયા પછી જ આકાશ કેટલું સ્વચ્છ દેખાય છે! વરસાદ પડી ગયા પછી જ નિર્મળ આકાશ જેવું મન સ્વચ્છ બનશે. ખરાબ વિચાર અને ખરાબ ભાવનાઓ કે ''હું''પણું દૂર થઈ જશે અને તમને સ્વચ્છ આનંદનો અનુભવ થશે. તમારા મનમાં પ્રેમ અને સહાનુભૂતિની અલૌકિક શાંતિનો આનંદ હશે. કોઈ પણ ગૂંચ નહીં હોય. જ્યાં કોઈ પણ વ્યક્તિ ગૂંચવાય, ત્યાં ક્રોધ આવે. જ્યાં ગૂંચ નથી ત્યાં કોઈ પણ પ્રકારની મૂંઝવણ નથી.

**મો. : ૯૮૬૯૨ ૦૦૦૪૬**



# માનવીનું મન

**✻ વસંત શાહ - કચ્છ કેસરી ✻**

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય અને ઉચ્ચ કક્ષાના લેખકો શ્રી ગુણવંતભાઈ અને શ્રી ચુનીલાલ મડિયાએ એમના લેખોમાં માનવીના મન વિશે ઘણુંબધું લખ્યું છે! મનને મરકટ સમાન ગણાવ્યું છે. ગમે ત્યારે, ગમે તે તરફ ઢળી પડે! કૂદકા મારતું જ રહે! આવા મનને અસ્થિર કહેવાય! વિચાર્યા વિના, ફાંફાં મારવા અન્યોની નકલ કરે! પછી મોડેથી કદાચ પસ્તાય પણ ખરા!

આપણા દેરાવાસી જૈનોમાં એક, દાયકાઓ જૂની રૂઢિ જે આજે પણ ઘણે અંશે પ્રચલિત છે જેમાં નવજાત બાળક અવતરે એટલે એ ૪૦ દિવસનું થાય ત્યાં સુધી પ્રસૂતા અને શિશુની ખૂબ કાળજીથી માવજત કરાય છે! પ્રસૂતાને શુદ્ધ, શક્તિદાયક, વસાણાયુક્ત પોષક ખોરાક અપાય અને નવજાત શિશુની શરીરે માલિશથી રક્ત પરિભ્રમણ પર પૂરતું ધ્યાન અપાય છે.

૪૦ દિવસ પૂર્ણ થાય ત્યારે દેરાવાસી સમુદાયના માવિત્ર શિશુને અચૂક દેવદર્શન કરાવે એવો વણલખ્યો નિયમ! આ પ્રથા પાછળ ઉદ્દેશ્ય એટલો જ છે કે એ બાળકને જિનાલયમાં પવિત્ર સ્પંદનો સ્પર્શે! જેને આપણે ગળથૂથીના સંસ્કાર કહીએ છીએ! બાળક ૪ વર્ષનો થાય એટલે નિયમિત રોજ મંદિરે જઈ પ્રભુદર્શન કરે એવો આગ્રહ પણ રખાય! આવી બધી પ્રથાઓ થતી મેં અનુભવી છે તેમ જ પ્રત્યક્ષ સાક્ષી રહ્યો છું! આજે પણ વડીલો આ રૂઢિ પ્રત્યે આગ્રહ રાખે છે.

આ ભૂમિકા બાંધ્યા બાદ હવે આ લેખમાં મૂળ વિષય પર આવીએ! આજથી સાતેક દાયકા અગાઉ, કચ્છી જૈન આરાધક દેરાવાસી અને સ્થાનકવાસી, એવા મુખ્ય બે પંથમાં વિભાજિત હતા. સૌ પોતાની આસ્થા પ્રમાણે આ બે જ પંથને અનુસરી, ચોવીસ તીર્થંકરોની યથાશક્તિ, ભાવપૂર્વક આરાધના કરતા! જે આજે પણ મોટે ભાગે, અવિરત ચાલુ જ છે.

છેલ્લા થોડા દાયકાઓમાં એવું જણાય છે કે કચ્છી જૈનોમાં રોપાયેલાં દેવદર્શન કે સ્થાનક માટેના એ ગળથૂથીના સંસ્કારોને, જુદી દિશામાં વાળી, ધર્મક્રિયાની આસ્થાને નવું સ્વરૂપ આપી, વિવિધ પંથ નિર્મિત થઈ રહ્યા છે! જેમનો ઉદ્દેશ્ય તો એક જ હોય

છે, મોક્ષ!!! ઘણા વયસ્ક જૈન આરાધકો એ નવા પંથ તરફ ઢળી પણ ગયા છે!

ધર્મ કરવા પાછળ દરેક ધાર્મિકની ઈચ્છા આ મૃત્યુલોકમાંથી મોક્ષ પામવાની હોય છે. એ લક્ષ્ય પામવાં માટે ભક્તિભાવ સાથે દ્રઢ આસ્થા બાળપણથી જૈનોમાં રોપાયેલી હોય છે જ!!

હવે પ્રશ્ન એ થાય છે કે જે ધર્મ પ્રત્યેની આસ્થા કેટલાંક વર્ષો સુધી દ્રઢપણે ઉરમાં રહી, એ વિશ્વાસ ચલિત થઈને અન્ય નવા પંથના આચરણ દ્વારા જ મોક્ષ પ્રાપ્ત થશે એવો, આ માનવીનું મન, કૂદકો મારે જ કેમ? આપણે સૌ માનીએ છીએ કે સાચી ધર્મભાવના અને સત્કર્મથી મૃત્યુલોકમાંથી સંપૂર્ણ મોક્ષ, એ મૃત્યુ પછી જ મળે! ધર્મની શ્રદ્ધા અને દ્રઢ આસ્થાથી કરેલ ધર્મથી જ માનવીના ભવના ફેરા ટળે! આપણા તીર્થંકર પ્રભુનું એ શાસ્ત્રોક્ત કથન છે. જેના પ્રત્યે અટલ વિશ્વાસ હોવો જરૂરી છે!! આ વિશ્વાસના ઉલ્લેખથી એક સત્ય હકીકત યાદ આવી જે અહીં પ્રસ્તુત છે!

એક ગામમાં એક સજ્જન ખૂબ ઉચ્ચ ધર્મભાવના ધરાવે! તેઓએ પોતાના જન્મ બાદ એમનું સંપૂર્ણ જીવન પોતાના ગામમાં, ધર્મઆરાધનામાં સમર્પિત કરી દીધેલું! સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી પ્રખર જૈન ધર્મગુરુ તથા ઉપધ્યાયો પાસેથી વિધિવત્ ધાર્મિક શિક્ષણ લીધું હતું. દેરાસરના કોઈ પણ અનુષ્ઠાન, નાની-મોટી પૂજા, ધાર્મિક વિધિ વગેરે એમની હાજરી વિના સાત્ત્વિક રીતે પૂર્ણ થાય જ નહીં ! સાધુ સંત મહાત્મોઓની વૈયાવચ્ચ, આહાર-વિહારની વ્યવસ્થા એમની આગેવાની હેઠળ જ થતી! ગામમાં શ્રાવક/શ્રાવિકાઓ તપશ્ચર્યા અને વ્રતો પણ એમના દ્વારા દાખવેલા માર્ગદર્શન મુજબ આરાધતાં!

એવા એ મહાત્મા જેવા શુદ્ધ જૈન સજ્જને,પાકટ વયે, એક દિવસ અચાનક જૈન ધર્મને છોડી, અન્ય ધર્મ અપનાવી લીધો!! આખું ગામ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું! આવું બને જ કેવી રીતે? ગળથૂથીમાં મળેલા સંસ્કાર, જૈન તીર્થંકરો પ્રત્યેની અતૂટ શ્રદ્ધા ને ભક્તિભાવ અને જીવનના પાંચ-છ દાયકા સુધી ઉચ્ચ કક્ષાનું શુદ્ધ ધર્મપાલન, એ બધું કરતાં કરતાં, અચાનક અન્ય ધર્મ પંથની આસ્થા બંધાય?

ખેર, આ ધર્મની બાબત, દરેક ધાર્મિક વ્યક્તિની અંગત બાબત છે. અહીં કોઈની ટીકા કરવાનો જરા પણ ઉદ્દેશ્ય નથી. હા જે ઉંમરલાયક જૈનો, જૂનો પંથ છોડી, નવા પંથમાં જોડાય છે તેઓ જ્યારે એ નવા પંથની વિચારધારા અન્યો પર ઠોકી બેસાડવાની ચેષ્ટા કરે છે ત્યારે એમની મનઃસ્થિતિ માટે દયા ઉત્પન્ન થાય છે!

તેઓની દલીલોમાં, આપણા મૂળ દેરાવાસી અને સ્થાનકવાસી પંથ, જે વર્ષો સુધી એમણે પણ ચુસ્ત અનુમોદનાપૂર્વક આરાધ્યા છે તેની તરફેણમાં આપણી દલીલોને તુચ્છ ગણી ઉશ્કેરાઈ જાય છે ત્યારે એમની દયનીય સ્થિતિ મોક્ષ માટે ફાંફાં મારવાં જેવી હોય છે. આજે એક પંથમાંથી શ્રદ્ધા ઊઠી ગઈ તો આ બીજા નવા પંથમાં કેટલી ટકશે? નવા પંથના રચયિતા મહાનુભાવો, પ્રવચનો દ્વારા મોક્ષના માર્ગનું અસ્થાયી ચિત્રિકરણ કરી શ્રદ્ધાળુ અનુયાયીઓ ઊભા કરે છે અને તેઓનો ચીંધેલો માર્ગ, તેમની દર્શાવેલી ધર્મક્રિયા તથા એમની ફિલસૂફીના અનુકરણથી જ મોક્ષની પ્રાપ્તિ શક્ય છે એવું આ અબૂધ માનવીઓનાં મનમા ઠસાવી દે છે! કદાચ એમનો ચિંધાયેલો માર્ગ અપનાવતા ભાવિકોની ડગી ગયેલી શ્રદ્ધા માટે આ ભાવિકોને પસ્તાવો ના થાય અને મોક્ષ અપાવે એવું આપણે ઈચ્છીએ!

સર્વ સાધર્મિકનું મંગલ થાય એ જ અભ્યર્થના! અસ્તુ!

જિન આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ક્ષમાપ્રાર્થી છું.

દેવપુર, મુલુંડ.

**મો. ૮૪૫૧૦૯૮૬૭૮**



# દાન



✻ હેમા વીરા ✻

દાન-દયા-દમન એટલે આપણી પૌરાણિક ભારતીય સંસ્કૃતિના પાયાના અત્યંત આવશ્યક સિદ્ધાંત... આપણા ધર્મશાસ્ત્રમાં જણાવ્યા અનુસાર.

✤ દાન એટલે માનવીમાં સચવાયેલી સંગ્રહખોરીની પ્રકૃતિને મટાડવા માટે અન્યને સહાય આપીને મદદરૂપ થવાનો સદ્ભાવ.

✤ દયા એટલે મનુષ્યના સ્વભાવમાં છુપાયેલી ક્રૂરતાની વિકૃતિને ઘટાડવા માટે જીવમાત્ર પ્રત્યે પ્રગટતો કરુણાભાવ.

✤ દમન એટલે માણસમાં રહેલી ભોગ-વિલાસની આસક્તિને ભગાડવા માટે ઇન્દ્રિયો પર કાબૂ શમન-સંયમભાવ.

દાન-દયા-દમન આ ત્રણેય ગુણતત્ત્વને જ્ઞાની મહાત્માઓએ સદાચારી જીવનશૈલી માટે ખૂબ જરૂરી ગણાવ્યા છે અને એમાં પણ સર્વ ધર્મોમાં દાનનું માહત્મ્ય સુવિશેષ-સર્વોચ્ચ જ કહેવાયું છે.

આપણા જૈન શાસનમાં તો દાનધર્મને મોક્ષમાર્ગની પ્રધાન અને પ્રથમ સીડી ગણવામાં આવે છે. એટલે જ, સ્વયં તીર્થંકર પરમાત્માએ પણ દીક્ષા ગ્રહણ કરી તે પહેલાં એક વર્ષ સુધી પ્રતિદિન એક કરોડ આઠ લાખ સોનામહોરનું વરસીદાન સ્વહસ્તે અર્પણ કરીને દાનધર્મની શ્રેષ્ઠતા અને મહત્તા પુરવાર કરી છે.

આ ઉપરાંત, પ્રાચીનકાળથી જ આપણાં સમાજમાં દીકરીને લગ્ન પ્રસંગે ગૌદાન આપવાની તેમ જ સ્વજનના મૃત્યુપર્યંત બારમા દિવસે એના પરિવારજનો તરફથી દાન-પુણ્યના સૃકૃત કરવાની પ્રથા પ્રચલિત છે. એની પાછળના ઉદ્દેશમાં, એક તો મોક્ષ પ્રાપ્તિ એટલે કે અંત સમયે દેહવિલયની ક્ષણોમાં, આત્માની પરમાત્મામાં વિલીન થવાની મનોકામના અથવા આવતા ભવમાં સારી યોનીમાં જન્મ મળે તે સુનિશ્ચિત કરવાની ઝંખના જ દાન આપવા માટે નિમિત્ત બને છે.

દાન આપવા પાછળ રહેલી, નિસ્વાર્થભાવે અન્યને ઉપયોગી થવાની પરોપકારની સદ્ભાવના તો કુદરત પાસેથી જ શીખવા જેવી છે. જેમ કે, સમગ્ર માનવજાતિને સહાયભૂત થવાના શુભભાવ સાથે પરોપકાર

માટે જ... સૂર્ય પ્રકાશે છે, નદી વહે છે, વાદળ વરસે છે અને વૃક્ષ ફળ આપે છે. આમ સૂર્ય-નદી-વાદળ-વૃક્ષ પાસેથી પ્રેરણા લઈએ તો, દાન કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર અને લેનાર વ્યક્તિ એનો શું ઉપયોગ કરશે તે ધ્યાનમાં રાખ્યા વગર, પ્રતિજ્ઞાપૂર્વક-લજ્જાપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક જ આપવું જોઈએ.

દાન આપતી વખતે ડાબો હાથ આપે અને જમણો હાથ ન જાણે તેવી રીતે ગુપ્તપણે જ અપાવું જોઈએ. બાકી તો, દાન-અર્પણ વિશે જોરશોરથી જાહેરાતો થાય તેમજ આપનારના નામની તકતીઓ અને પૂતળાં મુકાય તો એને કીર્તિદાન જ કહેવાય. એમાં તો શુદ્ધ દાનની ગરિમાને ઝાંખપ લાગે. ક્યારેક તો રાજકીય પક્ષ સહાયકાર્ય કર્યા બાદ લાભાર્થી પાસે અમુક અયોગ્ય કામ કરાવીને એની લાચારીનો ફાયદો ઉઠાવી, પોતાનો સ્વાર્થ છતો કરે છે. કેટલીક વાર શરણાર્થીને મદદ કરીને સુરક્ષા પ્રદાન કરનાર વ્યક્તિ તેનો નબળો અને પોતાને તેનો ઉપકારક તથા ચઢિયાતો ગણાવે તેમ જ પોતે સહાય કરીને જગતનું ભલું કરી રહ્યો છે એવું મિથ્યા અભિમાન કરે તેનું દાન વ્યર્થ ગયું કહેવાય.

અહીં ઊંડાણથી વિચારીએ તો લાગશે કે, આમ તો આખું જગત જેની કૃપાથી ચાલી રહ્યું છે એ પરમાત્મા સતત કાર્યશીલ, સદા જાગ્રત અને હાજરાહજૂર છે. એની છત્રછાયામાં સૌ કોઈ પોતાની જરૂરિયાતોને પહોંચી વળવા પૂરેપૂરા સમર્થ છે જ.

ખરેખર તો જગતને આપણી સહાયની જરૂર નથી અને આપણે મદદ કરીએ એ માટે પણ આ જગત સર્જાયું નથી. ઊલટાનું આપણને સમય-શક્તિ અને તક આપીને કોઈકનું ભલું કરવા માટેનું પ્રેરકબળ અને શુભભાવ પ્રદાન કરનાર આ જગતના આપણે ઋણી છીએ એમ હૃદયપૂર્વક માનવું જોઈએ.

સહાય કરતી વખતે આપણને આવા શુદ્ધ કર્મ કરવા માટે મોકો આપવા બદલ, દાન લેનારના પ્રત્યે ભેદભાવ વિનાનો આદરભાવ અને પ્રેમભાવ રાખવો જરૂરી છે. દાન લેનાર પાસેથી કોઈ બદલાની આશા રાખ્યા વિના તેણે મદદ લઈને આપણા પર ઉપકાર કર્યો છે તેમ નમ્રભાવે સ્વીકારવું અને માનવું જોઈએ.

દાનધર્મની સુંદર ઉપલબ્ધિ એટલે કે, લેવા કરતાં આપવામાં અનહદ સુખ અનુભવાય. બીજાને સહાય કરતી વખતે આપણામાં તારા-મારાનો ભાવ મનમાંથી નીકળી જાય એટલે કે મમતાનો ભાવ કપાય અને સમતાનો ભાવ ઉદય થાય.

આમ, બીજાને કોઈ પણ પ્રકારની દાન-સહાય કરીને આપણે એનું ભલું કરવા કરતાં વધારે આપણા શુભ કર્તવ્ય દ્વારા, પોતાની જ આધ્યાત્મિક પ્રગતિ પામી રહ્યા હોઈએ છીએ. દાન દેનાર માટે અન્ય વ્યક્તિની જરૂરિયાત એક રીતે આશીર્વાદરૂપ જ કહેવાય.

આપણે જાણીએ જ છીએ કે અનંતકાળથી પરિગ્રહ નામનો ગ્રહ જીવને સંસારમાં પરિભ્રમણ કરાવે છે ત્યારે, જીવનને સાર્થક કરવા ભગવાન મહાવીરે જગતને અપરિગ્રહ-અહિંસા-અનેકાન્તવાદનો સંદેશ આપ્યો છે. પ્રભુ વીરનો આ અમૂલ્ય સંદેશ જો આપણા જીવનમાં તાણાવાણાની જેમ ગુંથાઈ જાય તો જ પરિગ્રહ પ્રત્યેનો મૂર્છાભાવ – આસક્તિભાવ છૂટે અને માન-માન્યતા-મતાગ્રહ તૂટે, 'જીઓ ઓર જીને દો'નો ભાવ જાગે એ જ જીવનનો સાર્થકતા હોઈ શકે...

''તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું.

મૃત્યુ પછી દાન સીસા જેવું, માટે હાથે તે સાથે.''

ગામ-બેરાજા

**મો.: ૯૩૨૨૨૨૨૪૦૦**

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.


**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**સંજય ચંદન વિસનજી**
**૯૮૯૨૮૧૫૩૬૭**

- તંત્રી

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**
સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭
**પગદંડી**
અંક : ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૪
**તંત્રી : અશ્વિન માલદે**
**સંકલન : સંજય છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# ''પહેલાંના આત્મીયતાભર્યા પારિવારિક સંબંધો''



✻ જયંત ગણશી જાગાણી ✻

પ્રસિદ્ધ લેખિકા અરુણાબેન જાડેજા સયુંક્ત કુટુંબભાવનાને ઘણું મહત્ત્વ આપે છે. તેઓ એક લેખમાં લખે છે, ''સંયુક્ત કુટુંબ એટલે એક જ ઘરમાં રહેવું એમ નહીં પણ કપરા સમયે એકબીજાની વહારે દોડી જવું. એકબીજાના સંપર્કમાં રહેવું. બીજાની જવાબદારી પોતાની ગણીને પાર પાડવી. નાના-મોટા પ્રસંગો સાથે ઊજવવા. સારા-માઠા પ્રસંગોએ સંયુક્ત રીતે પ્રસંગને સાચવી લેવો એને સંયુક્ત કુટુંબ કહેવાય.''

આવી ભાવના આજથી સાત-આઠ દાયકા પહેલાં આપણા સમાજમાં હતી. સગાં-સ્નેહીઓ એકબીજાં માટે ઘસાઇ જતાં. એ સમયે કુટુંબવ્યવસ્થા ખૂબ મજબૂત હતી. લગભગ દરેક કુટુંબમાં એક પીઢ વ્યક્તિ જે કુટુંબના મોભી તરીકે ઓળખાતી રહેતી હતી. જે વ્યક્તિ કુટુંબના મહત્ત્વના નિર્ણયો લેતી અને કોઈ ઉથલી શકતું નહીં. પ્રસંગે આપસી મતભેદો કાંઈ હોય તો એમની આગેવાનીમાં ઘરમેળે પતાવવામાં આવતા.

પહેલાંના જમાનામાં કેટરર્સ વગેરેનીં સગવડ ન હતી. ત્યારે કુટુંબીજનો રસોડાની જવાબદારી, તેમ જ ઈતર જવાબદારી સંભાળી લેતા, જેથી યજમાન ચિંતા મુક્ત રીતે પ્રસંગને ઉકેલવા મોકળા રહેતા.

મને યાદ છે અમારાં બા જેને ત્યાં લગ્ન પ્રસંગ હોય એ કુટુંબીઓને ત્યાં આઠ-આઠ દિવસ પહેલાં પહોંચી જતાં અને રસોડાની તથા ઈતર જવાબદારીઓ પોતાના હસ્તક લઇ લેતાં ને યજમાનને ચિંતામુક્ત કરી દેતાં. તેમ જ અમારા પિતાશ્રી મુંબઈમાં રહેતા ત્યારે પોતાના ધંધાના ભોગે કુટુંબીજનોના સ્નેહીજનોના સગપણના, નોકરીના, કામધંધે લગાડવાના, ઘરની વ્યવસ્થા કરી આપવા એવાં ઘણાં કામો કરી આપતા, કરાવી આપતા.

કહેવાતું કે મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે, એવી પરિસ્થિતીમાં કામ ધંધાર્થે કે નોકરી કરવા માટે આવતા યુવાનો જેમની રહેવાની કોઈ સગવડ ન હોય એમને પોતાનાં સગાંઓને ત્યાં આસરો મળતો. અને કુટુંબના એક સભ્ય તરીકે એની ગણના થતી. એ સમય એવો હતો કે આપણા લોકો મુંબઈની ચાલીઓમાં રહેતા જ્યાં જગ્યાની

સદા સંકળાશ રહેતી, તોપણ એ યુવાનોનો સમાવેશ થઈ જતો. હું પોતે પણ અભ્યાસ છોડ્યા પછી ઘણાં વરસ ચાલીમાં રહેતાં મારાં બહેનને ત્યાં કુટુંબના સભ્ય તરીકે રહ્યો છું.

ત્યારે સબંધો નજીકના જ નહીં પણ દૂરના સગપણ સુધી સચવાતા. કોઈને ત્યાં બાળકનું આગમન થયું હોય તો પુતારો (જન્મ ભેટ) કરાતો જેમાં પરિસ્થિતિ અનુસાર બાબાસૂટ કે ફ્રોક સાથે ચાંદી કે સોનાની વસ્તુનો સમાવેશ થતો. લગ્ન વગેરે પ્રસંગોએ પ્રેમથી ચાંદલો લખાવતા.

એ સમયમાં મૅરેજ બ્યુરો કે સગપણ સંમેલન જેવી કોઈ વ્યવસ્થા ન હતી. પણ સગાં-વહાલાંઓ પરિવારનાં પરણવાલાયક દીકરા-દિકરીઓ માટે સ્થળ સૂચવતા અને મધ્યસ્થી કરતાં, એટલું જ નહીં ઘણા પરિવારોમાં તો વડીલો પોતાની મેળે છોકરા-છોકરીઓનાં સગપણ નક્કી કરી આવતા અને તે બધા માન્ય કરતા.

સાજે-માંદે કચ્છમાંથી કોઈ દરદીને સારવાર માટે મુંબઈ આવવું પડતું ત્યારે એમને રહેવાની, જમવાની, સારવાર માટે ડૉક્ટર પાસે લઈ જવાની પ્રસંગે હૉસ્પિટલમાં દાખલ કરવાની આવી જવાબદારી સગાંઓ પ્રેમથી સ્વીકારતા. દરદીની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો એ બોજો પણ સંભાળી લેતાં.

આમ પરસ્પર આત્મીયતાભર્યા સંબંધો નિભાવી સૌ એકબીજાના સુખદુ:ખમાં ભાગીદાર બનતા. અફસોસ કે આવી ભાવના ધીરેધીરે લુપ્ત થતી જાય છે.

માપર (સોલાપૂર)

સુખ કયારે ગેરહાજર
હોતું નથી પણ આપણે તેની
હાજરીની નોંધ આપણી
મનની સ્થિતિ મજબ લઈએ છીએ.

કોઈને ક્યારેય
કમજોર ના સમજવા
૫ કરોડનો ચેક લખવા માટે પણ
૫ રૂપિયાની પેનની જરર
પડતી હોય છે સાહેબ !!!

કોઈને કાંઈ સાબિત કરવાની જરૂર નથી,
પણ સમજાવવા છતાં પણ
સમજાતું નથી તો સમય તેને
બધું સમજાવશે!!!

અપશબ્દ બોલતા
તો બધાને આવડે સાહેબ
પણ હું ચુપ હતો કેમકે
સવાલ મારા માં-બાપ
ના સંસ્કારનો હતો!!!

# તિલકનો તિરસ્કાર



* ગીતા સતરા *

સવાર થાય ને આપણાં સુખ-દુઃખના સાથી એવા મોબાઈલ પર આપણી આંગળીઓ ફરવા લાગે અને વૉટ્સઍપ પર મૅસેજોની ભરમાર આવી પડે. વળી, એમાં તો કેટલાય એવા સુવિચારો હોય જે પોસ્ટ કરનાર પોતે તો એને અનુસરતા ન હોય, પણ બીજા અનુસરે એ માટે સીધા ફૉરવર્ડ કરી નાંખે. આ સુવિચારો વાંચવામાં ખૂબ સુંદર લાગતા હોય છે, પણ એનો અનુસરવામાં આવતા નથી. કારણ! કારણ છે વિચારહીન દશા અને જાગરૂકતાનો અભાવ. નવી રહેણીકરણી અને પહેરવેશ પણ એ માટે જવાબદાર છે. આવા મૅસેજોમાં હિંદુત્વ માટેના મૅસેજો પણ હોય છે. જો તમે સાચા હિંદુ હોવ તો આ મૅસેજને આગળ ફૉરવર્ડ કરો. હિંદુ ! હિંદુઓની સાચી નિશાની એટલે તિલક.

આપણી સંસ્કૃતિમાં દરેક શુભ પ્રસંગોમાં તિલક કરવાની પ્રથા હતી, પણ હવે તો આ પ્રથા દિવસેદિવસે બંધ થતી જાય છે. તિલક કર્યા વગર બહાર જવાતું નહીં. નારીના સૌંદર્યમાં ચાર ચાંદ લગાડનારી બિંદી હવે ઓલ્ડ ફૅશન બની ગઈ છે. સ્ત્રીના સૌંદર્યનું મુખ્ય પ્રતીક એટલે જ ચાંદલો. અરે, હિંદુ અને મુસ્લિમોમાં મહત્ત્વનો ફરક જ તો આ તિલક કે ચાંદલો છે. હિંદુઓએ તો તિલક લગાડવાનું છોડી દીધું, પણ મુસલમાનોએ તિલક લગાડવાનું શરૂ નથી કર્યું. અરે, તેઓ તો પોતાની બાળકીઓનો હિઝાબ પહેરાવવામાં પણ ગર્વ અનુભવે છે અને હિંદુઓની બાળકીઓ શું, યુવતીઓ પાસે પણ બિંદીનો અભાવ છે. એટલે જ તો એક નાટકમાં બહુ સરસ વાત કરવામાં આવી કે, સ્ત્રી વિધવા છે કે પરણેલી એનો ભેદ જ ક્યાં ખબર પડે છે, જાણે બધી જ વિધવાઓ હોય એમ કોરા કપાળની બનીને ફરે છે. આવું કહેવાની ક્યારે જરૂર પડી, જ્યારે જાગરૂકતા ન રહી. હિંદુઓના પ્રતીક સમા તિલકનો તિરસ્કાર કરવામાં આવ્યો. વડીલ મહિલાઓ જ ચાંદલો કે બિંદી લગાડશે નહીં તો આવનારી પેઢીની તરુણીઓ પાસે શું અપેક્ષા રાખી શકાશે.

ફક્ત બિંદી જ શું, પાશ્ચાત્ય દેશોનું આંધળું અનુકરણ પણ આપણા પહેરવેશોને દેશવટો આપી રહ્યું છે. અમેરિકા કે પશ્ચિમના પ્રદેશો ઠંડી ઋતુ ધરાવનારા હોવાથી ત્યાં કોટ-પેન્ટનો પહેરવેશ અપનાવેલ છે, જ્યારે આપણે ત્યાં દરેક ઋતુઓની મહેમાનગતિ હોવા છતાં લગ્ન સમારંભોમાં કોટ-પેન્ટ

અને ગાઉનની ઘેલછા ફરી વળી છે. આપણાં સેલાં, પટોળાં, ટોપી અને પાઘ કે ધોતીને નેવે મૂકી દેવામાં આવ્યાં છે. જ્યારે ફૉરેનરો આપણા દેશમાં આવે છે ત્યારે આપણી સંસ્કૃતિના પોશાકો પહેરી કેવા ખુશ થાય છે, જ્યારે આપણા પ્રસંગોમાંથી આવા ઉત્તમ પોશાકો વિલુપ્ત થતાં જાય છે. આનું ઉત્તમ ઉદાહરણઃ કોઈ ધાર્મિક પ્રસંગો જેવા કે સંત-સતીનાં આગમન કે પહેડીમાં આયોજકોએ નીચે તા.ક. કરીને લખવું પડે છે કે સ્ત્રીઓએ બાંધણી અને પુરુષોએ ઝભ્ભા-કુરતામાં આવવું અને છતાં પણ ઘણી યુવતીઓના ઘરમાં જાણે એક પણ ડ્રેસ ન હોય એમ જિન્સ કે પેન્ટમાં આવી ચડે છે. ત્યારે વિચારવાનું થાય કે શું એમનાં માતા-પિતાએ એક પણ ડ્રેસ એમને ખરીદી નથી આપ્યો.

ખાસ કરીને ધાર્મિક, સામાજિક કે લગ્નોમાં આપણાં સાંસ્કૃતિક વસ્ત્રો પહેરવાની જાગરૂકતા કેળવી એને પ્રોત્સાહન આપવું જરૂરી છે. આપણી સંસ્કૃતિ આપણા પહેરવેશને ફરીથી, હા ફરીથી, કારણકે આપણી સંસ્કૃતિમાં વર્ષોથી આ રહેલું છે, એને ફરીથી અપનાવવાનો સમય પાકી ગયો છે. આવનારી પેઢીની સાથેસાથે હમણાંની પેઢી પણ આપણી ઉત્તમોત્તમ એવી સંસ્કૃતિના વારસાને જાળવી રાખે એ આવશ્યક છે.

- ગુંદાલા

# માનસિક સંપત્તિ



✻ રાજેશ સાવલા ✻

આર્થિક સંપત્તિ વિશે આપણો ઘણું સાંભાળ્યું અને વાંચ્યું છે. ઘર, ગાડી, રોકડા, ફૅક્ટરી વગેરે સંપત્તિ જેનું મૂલ્ય કરોડોમાં થતું હોય તે ધનસંપત્તિ એટલે કે આર્થિક સંપત્તિ ગણાય છે.

પણ આ માનસિક સંપત્તિ શું છે?

માનસિક સંપત્તિ જેને સાયકોલૉજિકલ કૅપિટલ પણ કહે છે. મનુષ્યમાં કેવા ગુણો અને વર્તન હોવું જોઈએ જેથી એ પોતાનો પોઝિટિવ વિકાસ કરી શકવા સમર્થ હોય એને માનસિક સંપત્તિ કહે છે.

આમાં મુખ્યત્વે ચાર બાબતનો સમાવેશ હોય છે, જેને ''HERO''તરીકે ઓળખવામાં આવે છે.

H-Hope, E- Efficacy (Self), R-Resilience, O-Optimism Hope એટલે આશાવાદ - માણસ પોતે ધારેલા ધ્યેય (Goal) ને સંપૂર્ણ (Achieve) કરવા કેટલો

પ્રયત્નશીલ છે તે દર્શાવે છે. આશાવાદ એ મનુષ્યનો વિલ પાવર એટલે કે આત્મશક્તિ દર્શાવે છે, જે પોતાના ધ્યેયનો પામવા કયા પોઝિટિવ રસ્તા શોધી અને અપનાવે છે.

Self-Efficacy - મનુષ્યનો પોતાનો આત્મવિશ્વાસ દર્શાવે છે.પોતાની (Strength and Weakness) શક્તિઓ અને નબળાઈઓ પારખી, જાણી વાસ્તવિક રીતે આત્મવિશ્વાસ મજબૂત કરવો જરૂરી છે. કોઈ પણ કાર્યને સફળતાપૂર્વક કરવા આ મુદ્દો મહત્ત્વનો છે.

R-Resilience- એટલે માનસિક સ્થિતિસ્થાપકતા - જીવનના આવતા ચડ-ઉતારમાં, વિપરીત પરિસ્થિતિમાં મનુષ્ય પરિસ્થિતિ મુજબ પોતાને ઢાળવા કેટલો સક્ષમ છે તે દર્શાવે છે. જે લોકો સ્થિતિસ્થાપક (Flexible) હોય છે તે વિપરીત પરિસ્થિતિનો, સમસ્યાનો સામનો સફળતાથી કરી શકે છે. જડ ન થઈ, દરેક પરિસ્થિતિમાં Flexiblity એ મોટો ગુણ છે અને સ્વસ્થ માનસિક જીવન માટે અંત્યત જરૂરી છે. આવા મનુષ્યો જીવનને (Meaningful) સુંદર, અર્થસભર માને છે. અને પોતાનો વિકાસ કરી શકે છે. પરિસ્થિતિને પહોંચી વળવાની એમનામાં શક્તિ હોય છે.

O-optimism -શ્રદ્ધાએ મોટો માનસિક ગુણ છે. મારા કાર્યને હું પૂર્ણ કરી શકીશ એ શ્રદ્ધા જરૂરી છે. સ્વપ્ન જુઓ, પણ દિવાસ્વપ્ન નહીં. જાત પર શ્રદ્ધા રાખો પણ અંધશ્રદ્ધા નહીં, શ્રદ્ધાવાન મનુષ્ય સફળતાના રોમાંચક ખ્યાલો અથવા પોકળ પ્રેરણાદાયી પ્રવચનોથી ભરમાતો નથી. પણ વાસ્તવિક પરિસ્થિતિ સમજી, વિચારી, જાણી શ્રદ્ધાથી રસ્તો કાઢે છે.

સ્વનિયંત્રિત વર્તન હેલ્થ અને હેપીનેસની ખાતરી આપે છે.

- I.Q. વિકસિત કરવો મુશ્કેલ છે, પણ E.Q.ને ચોક્કસ વિકસિત કરી શકાય છે.


- કૉર્પોરેટમાં આ માનસિક સંપત્તિનો ખ્યાલ ઝડપથી વીકસી રહ્યો છે. કંપનીમાં કામ કરતા મૅનેજરો અને ઉચ્ચ સ્થાને બેઠેલા અધિકારીઓની માનસિક સંપત્તિ જાણવાનો પ્રયત્ન કેટલાક પ્રશ્નો પૂછીને કરવામાં આવે છે. અને આ પ્રશ્નોના ઉત્તરના ગુણાંક જાણી જરૂરી સૂચનાઓ કે વર્તન બદલવાની, સુધારવાની સલાહ આપવામાં આવે છે.

- ઉપરના ૪ મુદ્દા ફક્ત મનુષ્ય જ નહીં પણ દરેક ક્ષેત્રે જરૂરી છે.

**મો. : ૯૭૬૯૦૦૮૮૧૯**

# તિલક કરતા ત્રેપન થયાં...

કિરીટ જગશી વીરા



તિલક કરતા ત્રેપન થયાં,
જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ ફરીફરી થાક્યાં ચરણ,
તોય ન પહોંચ્યા હરિને શરણ;
કથા સુણીસુણી ફૂટ્યા કાન,
અખા તોય ના આવ્યું બ્રહ્મજ્ઞાન.

કવિઃ- અખા ભગત

ઉપરોક્ત છપ્પો સમયેસમયે યથાયોગ્ય પુરવાર થાય છે. હાલમાં જૈન સમાજમાં ચાતુર્માસિક પર્વ ચાલી રહ્યાં છે. કથા, પૂજા, ભજન, સત્સંગ, પ્રવચન ઈત્યાદિમાં વધારો થઈ રહ્યો છે. ખરેખર આનંદદાયક લાગે છે, પરંતુ આ બધું કરતાં આપણી માનસિકતામાં કે આચરણ કે વ્યવહારમાં કાંઈ ફેર આવ્યો ? કે ઉપરોક્ત છપ્પાને યથાર્થ કરીએ છીએ ?

પારસમણિ તો લોખંડને સુવર્ણ બનાવે પણ ચિંતામણિ તો પ્રત્યેક ઇચ્છિત ફળ આપનાર હોય એવી જ રીતે દરેક ધાર્મિક ક્રિયામાં ચિંતામણિ સમ કોઈ હોય તો સત્સંગ. સવિશેષ આવા ચાતુર્માસમાં ઠેરઠેર સત્સંગ થતા હોય છે અને સત્સંગ થકી અનેક પાપી પાવન થયા છે, પતિત પથ પર ચડ્યા છે, કેટલાય આત્મા પરમાત્મા થયા છે એવા અનેક દ્રષ્ટાંત શાસ્ત્રોમાં આલેખાયા છે.

આપણા જૈન શાસનમાં જિનપૂજા કરતાં પણ જિનવાણી શ્રવણ (સાંભળવા)નો મહિમા અનેક ગણો બતાવ્યો છે. હાલમાં સમગ્ર ભારતવર્ષના જૈન સમાજમાં ઘણાં ગામો, શહેરોમાં ખાસ કરીને કચ્છ, ગુજરાત, રાજસ્થાન અને મુંબઈ જેવાં મોટાં શહેરોમાં જિનવાણીના સ્ત્રોત વહી રહ્યા છે. જેમ સતત વહેતું ઝરણું પણ પથ્થરને તોડી દે છે એમ સતત જિનવાણીના શ્રવણથી આત્મા પર લાગેલાં અનંત કર્મ તેમ જ દોષોને દૂર કરવાની શક્તિ ધરાવે છે પરંતુ શરત એટલી જ કે આ જિનવાણી પ્રત્યે શ્રદ્ધા કેળવી બે ટકા જેટલી પણ આચરણમાં આવે તો. નહીં તો ઉપરોક્ત છપ્પાને યથાર્થ કરશું. અને ઘાંચીના બળદની જેમ જીવનબોજ વહન કરતાં કરતાં આપણું આયુષ્ય પૂર્ણ કરશું અને ફરીથી ભવચક્રના લક્ષ ચોર્યાસી, ચાર ગતિમાં ભમીભમી દુઃખમય સંસારમાં રઝળ્યા કરશું.

શિવાજી પાર્ક, મુંબઈ
**મો. : ૯૩૨૨૨૩૪૯૦૫**

# સાહિત્ય-અમૃત



**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*(ગતાંકથી આગળ)*

*એક સાચા સર્જકનું સર્જન એની અનુભૂતિઓની નીપજ હોય છે અને એથી જ સ્વાનુભૂતિઓથી રસાયેલું સાહિત્ય વાચક-ભાવકને સ્પર્શી જાય છે. અમૃતાનું સાહિત્ય છે એની જિન્દગીનાં પૃષ્ઠો. આ પૃષ્ઠો પર છવાયેલી છે, એણે અનુભવેલા આનંદની પળો, એની વ્યથા, આક્રોશ, ચિત્કાર, આક્રોશ અને ચિત્કાર પછીનું મૌન, એનું વિસ્મય, ઉદાસી, અનંત તરફ વિસ્તરતી એકલતા, જિન્દગીમાં સતત ચાલતો સંઘર્ષ. શું જિન્દગીની આ રફતાર એના આત્મજોની જિન્દગીને સ્પર્શ્યા વિનાની રહે જે એના સાહિત્યમાં સઘળું આવૃત છે. એથી જ વાચકની આંખોની ભીનાશ ક્યારેક અશ્રુકણોની પંક્તિ થઈ સ્થિર થઈ જાય છે.*

*આવી જ કથા છે નવલકથા 'જેબકતરે'ની જે એણે યુવાન થતા એના પુત્રના જીવનના આધારે લખી હતી. એમાં યુનિવર્સિટીની હૉસ્ટેલના વાતાવરણનું ચિત્ર છે. હૉસ્ટેલનાં એ બધાં પાત્રો છે એના પુત્રના મિત્રો જે...*

જુવાન થતાં સ્વપ્નોથી ચોંકતા, ભૂખ, ભય અને સમય સાથે ફ્લર્ટ કરતા, જીવનને પોતપોતાના દૃષ્ટિકોણથી જોતા અને પોતપોતાની અનુભૂતિની પીડાને ઝીલતા.

*નવલકથાની મૂળ ઘટનાઓ તો અમૃતાના પુત્ર અને એના મિત્રોના જીવનની છે. અમૃતા અહીં કેવળ એક દર્શક છે અને એ એના પુત્ર અને મિત્રોના જીવનની ઘટનાઓના સહારે હવે પછી આવનારી પેઢીને સમજવાની કોશિશ કરે છે, પરંતુ શું એ પૂર્ણપણે સંભવિત છે! અમૃતા એના પુત્રની આંખે, આવનારી પેઢીને, એના વિચારોને, એ પેઢીના અભિગમોને ઓળખવાની મથામણ કરે છે, પરંતુ મનના અચેતન સ્તરે તો અમૃતાના તે સમયના પોતાના વિચારો એમાં સમાઈ જાય એ સ્વાભાવિક છે. અચેતન સ્તરના વિચારોની સેળભેળ નિવારવી કદાચ શક્ય જ ન હતી. અમૃતાએ નવલકથા એના પુત્રને વાંચવા આપી અને પુત્ર નવરાઝ કહે છે: 'જો આ નવલકથા હું લખત તો કંઈક જુદી જ રીતે લખત'. અમૃતાને એની વાત બરોબર લાગે છે અને એ કહે છે:*

છેવટે તો એ મારે માટે એક આખી પેઢીના અંતરને ઓળંગવાનો પ્રયત્ન હતો, પણ અંતર ઓળંગવાવાળા પગ મારા હતા, આગલી પેઢીના, એટલે 'મારા સમયનો 'આદર્શવાદ' એમાં ભળી જાય એ સ્વાભાવિક હતું'.

*એ નવલકથાનાં પાત્રો છે સવિતા અને રવિ. નવલકથામાં અમૃતાએ સવિતા અને રવિનાં લગ્નનું વિસ્તારથી વર્ણન કર્યું છે. નવલકથા છપાયા બાદ ઘણાં વર્ષો પછી બન્ને નવરાઝને મળવા આવ્યાં. એ અમૃતાને પણ મળે છે. એમણે પુસ્તકમાં છપાયેલું એમનાં લગ્નનું વર્ણન વાંચ્યું અને હસ્યા કર્યું. અમૃતા કહે છે:*

મેં મારાં પાત્રોને જોયાં કર્યાં. એ વખતે એમને એક મીઠડું બાળક પણ હતું, એમનાં ગભરાઈને કરેલાં લગ્નની પરિપુષ્ટિ. ખેર, પોતાનાં પાત્રોને આ રીતે જોવાં એ એક મધુર અનુભવ છે.

*અમૃતા નવલકથાના લેખનકાળની વાત કહે છે. આવનારી પેઢીના વિચારો અને અભિગમ અંગે વાત કરતાં અમૃતા અચેતન મનમાં સુદૃઢ થઈ બેઠેલા વિચારોનો ઉલ્લેખ કરે છે. એનો સંદર્ભ નવરાઝ (અમૃતાનો પુત્ર)ના એ પત્ર સાથે છે જે નવરાઝે માને હૉસ્ટેલમાંથી લખેલો. આ પત્રની ઘટના અમૃતાએ નવલકથામાં વણી લીધી છે. નવલકથામાં એના મુખ્ય પાત્ર કપિલ સાથે પત્રની ઘટના ગોઠવી દીધી. કપિલ નવલકથાનું મુખ્ય પાત્ર. કપિલ એ પત્રને સમાચારપત્રનું સ્વરૂપ આપે છે. એનું નામ છે 'ધી ટાઈમ્સ ઑફ કપિલ' જે શહેરમાં પત્રનું સૌથી વધુ વેચાણ થાય છે એ શહેરમાં માનું સરનામું આપે છે. કપિલ એના સમાચારપત્ર – ધી ટાઈમ્સ ઑફ કપિલ'માં માને પત્ર લખે છે.*

*આપણે નવરાઝના પત્રની વાત કરીએ જે નવલકથામાં કપિલના સમાચારપત્રના મૂળમાં છે.*

*નવરાઝને લાડમાં બધા 'સેલી' કહીને બોલાવતા. નવરાઝનો એ પત્ર જે એણે હૉસ્ટેલમાંથી માને લખ્યો હતો – 'ધી ટાઈમ્સ ઑફ સેલી' – એ અમૃતા પાસે સચવાયેલો છે.*

*નવરાઝ રજાઓમાં હૉસ્ટેલમાંથી ઘરે આવતો ત્યારે હૉસ્ટેલની ઘણીબધી વાતો કરતો. હૉસ્ટેલમાંથી નવરાઝે માને પત્ર લખ્યો હતો. ત્યાર પછી ઘરે આવ્યો ત્યારે નવલકથા લખવાની શરૂઆત કરતાં પહેલાં અમૃતાએ નવરાઝને પાસે બેસાડ્યો અને નોટ્સ લેવી શરૂ કરી અને નવરાઝે એક વાર કહ્યું :*

'મમ્મા, તમે તમારી જિંદગીને નવો વળાંક આપ્યો, પણ તમને ખબર છે કે અમે બંને બાળકોએ એને કારણે કેટલું મેન્ટલી સફર કર્યું છે?

*ઘર તૂટે ત્યારે માસૂમ બાળકો પર શું વીતે છે, એમના દુઃખને અમૃતા જાણે છે અને કહે છે:*

'જેમ ગરીબ માના ઘરમાં જન્મેલાં બાળકોને માની ગરીબી ભોગવવી પડે છે, એ જ રીતે મનના દુઃખમાંથી પસાર થતી માને ઘરે જન્મેલાં બાળકોને એનું દુઃખ ભોગવવું પડે છે - માના ચહેરા-મહોરાની જેમ.'

*જ્યારે કોઈ ઘર તૂટે છે અને પતિ-પત્ની અલગ થાય છે ત્યારે એમનાં બાળકો કેવા રહેંસાય છે, કેવી અસહાયતા અનુભવે છે એ સ્થિતિમાં આજ અને ગઈકાલ વચ્ચે વધુ ફરક નથી પડ્યો. ઘર તૂટવાની આ ઘટના બાળકોના મન પર ઊંડી અસર પાડે છે. આ પ્રતિક્રિયા દરેક બાળકો પર ભિન્ન પ્રકારની પડતી હોય છે. ક્યારેક એ બાળક ખૂબ ચીડિયું બની જાય છે, ક્યારેક એ વિદ્રોહી બની જાય છે અને માતા-પિતાને ધિક્કારતું થઈ જાય છે, ક્યારેક એ તદ્દન એકલા પડી ગયાનું અનુભવે છે. મોટે ભાગે એ અસહાયતા અને લાચાર હોવાનું અનુભવે છે. જ્યારે બાળકને માતા અને પિતા બન્નેના પ્રેમ અને હૂંફની જરૂર છે ત્યારે એ પોતાને તરછોડાયેલું હોવાનું અનુભવે છે. પતિ-પત્ની છૂટાં પડ્યાં હોય અને એમનાં બે સંતાનોમાં દીકરો અને દીકરી હોય છે ત્યારે મોટે ભાગે દીકરી વધુ સમજદારીથી રહેતી હોવાનું અને માની પ્રત્યે સહાનુભૂતિ દાખવતી હોય છે. અમૃતા શું કહે છે ?*

એ દુ:ખ મારાં બાળકોએ ભોગવ્યું છે, પણ મારી દીકરીએ એ પૂરો સમય દરમ્યાન ક્યારેય મારા પ્રત્યેની સહાનુભૂતિ છોડી નથી, પણ પુત્રે થોડોક સમય તો જરૂર છોડી હતી, બાળપણથી માંડીને જુવાન થયો ત્યાં સુધી, એ કદાચ એક છોકરો હતો ને એક છોકરી હતી એ અંતરને કારણે. આજે પણ મારી નાનકડી અજાણ-શી દીકરીના એ બોલ મારા કાનમાં છે. જ્યારે નવરાઝની કોઈક વખતની નારાજીથી હું ઉદાસ થઈ જતી હતી ત્યારે કંદલા કહ્યા કરતી: ‘મમ્મા! તમે બહુ વિચાર ન કરો, સેલી મોટો થશે ત્યારે પોતાની મેળે ઠીક થઈ જશે.’

*સેલી (નવરાઝ) મોટો થયો છે. એ સમજણો થયો છે અને મા-દીકરો ફરી એક-બીજાંની નજીક આવી ગયાં છે પરંતુ ઘર તૂટવાની સ્થિતિમાં એણે અનુભવેલં દુ:ખ અને એકલા પડ્યાની મનોવેદના હજુ ઊંડે ઊંડે ધરબાયેલી હોવી જોઈએ અને એ દિવસે દીકરાએ માને કહ્યું:*

'મમ્મા, આ નવલકથામાં તમે એ બાળકની પરેશાની લખી શકો છો, જે મા-બાપનું ઘર તૂટવાથી એ ભોગવે છે!'

'હા', પૂરી હિંમતથી મેં કહ્યું અને નવલકથાના છેવટના ભાગમાં કપિલના 'મિડ નાઈટ વિઝન'રૂપે એ પરેશાનીને લખવાનો પ્રયત્ન કર્યો.

*દીકરી કંદલાનાં લગ્ન અત્યંત સાદગીથી કરવામાં આવ્યાં. કંદલાનો પતિ અમૃતાને દીદી-મા કહીને બોલાવે છે. એનો પહેલો નિર્ણય હતો લગ્નમાં દૂરના-નજીકના લોકોની જાન નહીં જોડે અને કોઈ વાંધા - વચકાને તક નહીં આપે. અમૃતાના માથા તરફ હોમિયોપથીની દવાની એક બૉટલ પડી હતી. એણે એમાંથી બે-ચાર મીઠી ગોળીઓ ખાઈને કહ્યું: 'બસ મોં મીઠું થઈ ગયું, શુકન થઈ ગયાં. બન્ને પક્ષની હા થઈ ગઈ અને કંદલાના જન્મદિવસે - ૨૩ મી એપ્રિલે લગ્ન ઊજવાયાં. એની કૅક પર લખ્યું: 'એ ડેટ વીથ લાઈફ'. મૅજિસ્ટ્રેટને ઘરે બોલાવ્યા અને લગ્નનું સર્ટિફિકેટ મળી ગયું.*

*નવરાઝનાં લગ્ન એક ગુજરાતી છોકરી સાથે થયાં. નવરાઝ વિશ્વવિદ્યાલયમાંથી આર્કિટેક્ટની ડિગ્રી અને પોતાની મંગેતર બન્નેને એકસાથે લાવ્યો. લગ્ન પહેલાં એ બંને મિત્રો હતાં. છોકરી જાણતી હતી કે એનાં ગુજરાતી માતા-પિતા એક પંજાબી છોકરા સાથે એનાં લગ્ન કરવા કદીય સંમતિ નહીં આપે અને એથી બન્નેએ ફક્ત મૈત્રી -સંબંધ જાળવી રાખવાનું નક્કી કર્યું. એ છોકરી એક શ્રીમંત ગુજરાતી પરિવારની દીકરી હતી અને નવરાઝ કોઈ શ્રીમંત છોકરી સાથે લગ્ન કરવા નહોતો માગતો. અને બન્નેએ ફક્ત દોસ્તીનો હક્ક રાખ્યો પરંતુ બન્યું એવું કે કેટલાક સમય પછી છોકરીના પિતાનું અવસાન થયું અને એના કાકાઓનું વલણ તદ્દન બદલાઈ ગયું. છોકરી એના ભવિષ્ય માટે ચિંતિત હતી. એ કહેવા લાગી: 'મેં જિંદગીમાં એક જ સાચો મિત્ર મેળવ્યો છે, એને કઈ મર્યાદા માટે છોડી દઉં?' એ દિલ્હી આવી અને કહ્યું : તમે તમારે હાથે મારાં લગ્ન કરાવી દો.'*

*પુત્ર નવરાઝના શબ્દો પણ આવા જ હતા. એ કહે છે, 'મમ્મા! જો આ છોકરી મારી જિંદગીમાંથી જશે તો હું આખી જિન્દગી એને ભૂલી નહીં શકું.'*

*અમૃતા કહે છે:*

વિચારું છું, એનો એ પ્રેમ પણ એક એવી ઘટના છે કે જિંદગીની મુશ્કેલીઓને સમજવામાં એની સહાયક થઈ છે, જેણે એના દૃષ્ટિકોણને ખૂબ વિસ્તૃત કર્યો છે.

*લગ્નની વિધિ કરવાની હતી. કોઈ પણ વિધિ કરી શકાય એમ હતું. ગુરુગ્રંથસાહેબની હાજરી અથવા હવન અને ગીતાની હાજરી. જ્યાં સંપૂર્ણ મનની હાજરી હોય ત્યાં બધું જ પવિત્ર હોય. અને નવરાઝનાં લગ્ન હવનની સાક્ષીએ થયાં.*

*લગ્નની નિશાની અર્થે નવરાઝને વીંટી ખરીદીને આપી. ગુજરાતી દીકરીએ કહ્યું: ''મમ્મા! મારે પણ વીંટી આપવાની છે અને અમૃતા છોકરીની માતા પણ બની. એને માટે પણ વીંટી ખરીદી.*

*કન્યાદાન કોણ કરે ? હવન વખતે જ્યોતિના વડીલની કન્યાદાન માટે જરૂર હતી. ઈમરોઝે ગોર મહારાજને કહ્યું: હું કન્યાનો પિતા છું. હું કન્યાદાન કરું છું.*

*અને નવરાઝ અને જ્યોતિનાં લગ્ન થઈ ગયાં.*

*છએક મહિના સુધી જ્યોતિની માના અબોલા રહ્યા, પણ પછી લંડનથી ભાઈનો ફોન આવ્યો, પછી બહેનનો અને માનો. એકાદ વર્ષના સમય પછી જ્યોતિ લંડન જઈ બધાંને મળી આવી. બે વર્ષ પછી મા, દીકરી પાસે હિંદુસ્તાન આવી. દીકરીને સુખી જોઈ એ પણ સુખી થઈ. મા સાથે ભાઈ પણ હતો. લગભગ પંદર દિવસ બધાં સાથે રહ્યાં. ભાઈ અને બનેવી સારા મિત્રો બની ગયા અને...*

આ પુસ્તિકાનાં નહીં, જિંદગીનાં પૃષ્ઠ છે, પણ એની પર લખેલું કેવળ એ લોકોની જ સમજમાં આવે જેમણે જિંદગીનાં તોફાન પોતાના શરીર પર સહ્યાં છે અને જે હાથની તાકાત કેવળ પોતાના મનમાંથી મેળવે છે.

*(ક્રમશ:)*

*હવે પછી: કલ્પનાની દુનિયા...*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ - બાડા**

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## 'પગદંડી' જુલાઈ , ૨૦૨૪
## વસંત મારુનો લેખ

કવિ તેજનાં જીવન અને કવન વિષયક વસંત મારુનો લેખ જુલાઈ, ૨૦૨૪ની ''પગદંડી''માં વાંચી દાયકાઓ પહેલાં કચ્છ માંડવી ખાતે યોજાયેલ જૈન સાહિત્ય સમારોહ વેળાએ કવિ શ્રી બકુલભાઈ રાવલે મને કહી હતી એ વાત યાદ આવી. એમણે કહ્યું હતું કે આ કવિ ગુજરાતીમાં લખતા હોત તો ''મહાકવિ''માં ગણાત. તેઓ તદ્દન સાચું બોલ્યા હતા. કવિની પંક્તિઓમાં શબ્દો જાતે આવીને ગોઠવાઈ જતાં. ન આયાશ. ન તોડફોડ. આપણા શત શત વંદન.

**પન્નાલાલ ખીમજી છેડા**
મો. : ૯૮૨૦૨૮૪૦૪૪

---

## 'પગદંડી' ઑગસ્ટ, ૨૦૨૪

ઑગસ્ટ ૨૦૨૪નો પગદંડીનો અંક મને બહુ ગમ્યો. બધા જ લેખકોએ બહુ જ સરસ રીતે બધું સમજાવ્યું અને લખ્યું છે અને એમાં સૌથી પ્રિય જો મને લાગ્યું હોય તો એ છે ''પગ મેં ભમરી'', અધાના લેખો થકી, આપણાને આપણા દેશની, આપણાં કચ્છ વિશે ઘણુંબધું જાણવા મળે છે.

એના પછી જે મારા હૃદય ને ગમી ગયો એ લેખ છે ''માતૃત્વ અનો પિતૃત્વનો મહિમા''. એમાં હેમાબેન વીરાએ બહુ જ સુંદર રીતે સિમ્પલ ભાષામાં સરસ રીતે બહુ જ ફાઈન લેખ આપ્યો છે. જે મને બહુ જ પ્રિય લાગ્યો. આમ પણ મને પોતાને મારા મમ્મી પપ્પા, સાસુ, સસરા માટે પ્યાર છે અને એ હિસાબે મને આ લેખ બહુ જ દિલને સ્પર્શી ગયો.

અનો એના પછી આવે છે એક લેખ ''એકલતાની ઔષધિ'' જેમાં સંજયભાઈ દેઢિયાએ ખૂબ સુંદર રીતે એકલતાને ઔષધિ બનાવવાનાં સરસ ઉદાહરણ આપ્યા.

છેલ્લો જોયું કે આપ પગદંડીનો પ્રતિભાવ-પ્રતિસાદ આપવા પત્ર, ઇમેઇલ કે વૉટ્સ ઍપ દ્વારા પણ લખી શકો છે, જે બહુ સરળ થઈ રહે છે.

આતુરતાથી પગદંડીના આગામી અંકની રાહ જોનારી...

**પ્રીતિ વીરા (બેરાજા)**

## ઈંડી-હિંડીપેન

ગુલાબ દેઢિયા, આ કલમ જ એવી છે જેમાંથી તાજગી સતત સ્રવે. હિંડીપેનને જીવન-સાર્થક્યની પ્રાપ્તિ થાય. લેખક આરંભે જ કહે છે. ''બચપણ ઝડપથી પસાર થઈ જાય છે.'' પણ....લેખના દ્વિતીય ફકરામાં જ કલમ સ્વનામાભિધાન કરતાં વદે: 'હિંડીપેન' અને મેં તો પાછલા પગે દોટ મૂકી તે સાત દાયકા પાછળ થોભ્યો અને જરીક શ્વાસ લીધો તો મનમાં થયું, 'બચપણ કેવું ઝડપથી આવી ગયું.'

લેખ સાથેના ચિત્ર તરફ નજર ગઈ તો રૂપાળી લલનાઓ જેવી 'હિંડીપેનો' ઠાવકાઈથી કૅમેરા સામે ગોઠવાયેલી હતી. પણ મારી દૃષ્ટિએ તો સાત દાયકા પૂર્વેની મારી પ્રિય સ્લેટમાં ધોળો એકડો ઘૂંટતી ધોળી પેન પૂર્ણ એકાગ્રતાથી એકડો ઘૂંટતી જોઈ. એકડો એવો ઘૂંટ્યો કે આખરે એકડાએ ધીરેથી કહ્યું : હવે થોભો ભણેસરી. અને બચપણ તો ઝડપથી પસાર થાય. સ્લેટ પરનો ધોળો એકડો ભૂંસાયો ને પેન્સિલ - સીસાપેન અને નોટબુકે કબજો લઈ લીધો. અને હિંડીપેન જાજું સાંખી ન શકી. તરત એણે પોતાનો દાવો માંડ્યો અને જોહુકમીથી એનું એકચક્રી રાજ્ય સ્થપાયું.

મારા અણગણ હાથોમાં હિંડીપેને કાગળ પર એની કળા દાખવવા કરતાં વધુ આંગળીઓ પર એનું નકશીકામ કરવાનો કસબ વિકસિત કર્યો. અને ખમીશના ડાબા ખીસા પર હૃદય સાથે એવી ગોઠડી માંડી કે મારા દરેક પહેરણ પર એની અમીટ છાપ અંકિત કરી લીધી - એની બ્રાંડનું અસ્તિત્વ આંકી લીધું. અને પેલી પારદર્શક દેહધારી પેન. એમાં ઈંજેક્શનની જેમ પંપ જેવી રચના હોય અને પારદર્શક પેનમાં ખડિયામાંથી શાહી ખેંચવી અને ફરી પાછી ખડિયામાં ઠાલવી દેવાની રમત કેવી રમતિયાળ! ખડિયો અર્ધો ખાલી થઈ જાય અને પછી એનો ગુપચુપ એની જગાએ મૂકી દેવાનો અને એક વાત તો કહેવાની રહી ગઈ. નિશાળમાં સહપાઠીના ખમીશની પીઠ પર હિંડીપેનનો છંટકાવ કરી આ કારનામું ક્યા કસબીએ કર્યું છે એની કોઈને જાણ સુધ્ધાં ન થાય અને કેટકેટલા ચહેરાઓ જાણતાં છતાં અજાણ થઈને મરકમરક થતા હોય.

મિત્રો, લેખનો પ્રતિભાવ આપતાં લેખક ગુબાલ દેઢિયાની કલમની તાજગીના પ્રભાવે હિંડીપેનના ઘસરકા થઈ ગયા.

લેખકના નિબંધોમાં લાઘવ એને એક ઊંચાઈ સુધી લઈ જાય છે. આ નિબંધોને નિબંધ ન કહેતા નિબંધિકા તરીકે ઓળખી શકાય. નિબંધ શબ્દમાં એક ગાંભીર્ય અને ભારેખમપણું વર્તાય જ્યારે 'નિબંધિકા'

સૌમ્યતા અને કોમળતાની ઓઢણીમાં સોહાય. એવું નહીં માનતા કે લેખકની નિબંધિકાઓમાં કેવળ ઠાલી કોમળ-કોમળ તાજગી જ ભરી છે. આ લાઘવભરી કૃતિઓમાં ચિંતન અને એનું આંતરસૌંદર્ય પણ ભારોભાર છે. લેખકના જ શબ્દોને જોઈ લ્યો.

''આ શાહી શું લઈને બેઠી હશે ? એમાંથી શબ્દો સર્જાય છે. કાગળ પર ઊતરીને ચિરંજીવ બને છે.''

''ટાંક તો જાજરમાન રાણી છે. એને સાચવવી પડે. એની પાસે અવિનય મુદ્દલ ન ચાલે. એક વાર રિસાઈ ક દોકડા મિટ્ટી!''

''પેનનું ઢાંકણ એ પણ એક જણસ છે. એની ક્લીપ ડાબા ખીસામાં ભરાવીએ તો ખીસું ભરાઈ જાય, મન ભરેલું લાગે. હા, આત્મગૌરવ જેવું પણ લાગે.''

લેખની આવી ચિંતન કણિકાઓમાં માનવજીવનની-એના મનની મોજ અને મૂંઝવણની વાત છે તો લેખકની કલમ પ્રત્યેની વફાદારી અને જવાબદારીની વાત છે. તો કલમ જ એનું ગૌરવ-આત્મગૌરવ છે અને એનું ગૌરવ એના હસ્તે કલમની ઓથે ન હણાય એવો ઊંડો સંકેત છે.

ફાઉન્ટન પેનની શોધ કરનારને લેખક ભલે વંદન કરે, પણ આ ફાઉન્ટન પેનને હૃદયની નજીક મૂકી સૌને તાજગી ભર્યું ચિંતન અને કતૃત્વના અર્ક સાથેની શીખ આપનાર ગુલાબ દેઢિયાની કલમને અભિનંદન.

**ચંદ્રકાન્ત નંદુ**
**કચ્છ બાડા**
**મો.: ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**જીંદગી**

**જીંદગી તુ મળી છે,**
**લાવ તને માણી લઉં.**
**પ્રેમ અને લાગણીથી તને શણગારી લઉ...**
**અહમ્ અને ગુસ્સાને ખંખેરી લઉ...**
**સૌના દિલમાં રહી લોકો યાદ કરે,**
**એવું હું જીવી લઉ....**

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**

# પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

ઑગસ્ટ, '૨૪ માસના 'પગદંડી'માં શ્રી લીલાધર ગડાનો લેખ વાંચ્યો કોલી સમુદાયની હાલની પરિસ્થિતિમાં સુધારો કરવાની ખૂબ જરૂર છે અને એ દિશામાં તેઓ અને તેમની ટીમ ખૂબ પ્રશંસનીય કાર્ય કરી રહી છે જે સરાહનીય છે! યોગાનુયોગ આજના ગુજરાત સમાચાર પત્રમાં જ આ વિષયને લગતી એક કોલમ છપાઈ છે.

અધાની યોજના મુજબ કોલી વસ્તીવાળા પછાત ગામોમાં આરોગ્ય સેવા માટે પ્રાથમિક મદદ આપવા જે યુવકોને ભચાઉ હૉસ્પિટલમાં ટ્રેનિંગ આપી તૈયાર કરી નિમણૂક અપાય તેમને આ પ્રાથમિક સારવાર કરવા માટેના કાયદાકીય રીતે સરકારી આજ્ઞા પત્ર મળી શકે એવી વ્યવસ્થા હોવી અગત્યની છે. જેથી એમને એમના કાર્યમાં 'બોગસ ડૉક્ટર'ની છાપ ન લાગે!

જો એમની આ 'ઉગાડ પગા ડૉક્ટર'ની યોજના કાર્યાન્વિત થાય તો એવી જ યોજના આપણા કચ્છ જિલ્લાના માંડવી, મુંદ્રા, ભુજ, નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકામાં આવેલાં નાનાં ગામોમાં જ્યાં જનઆરોગ્ય સેવા માટે કોઈ ડૉક્ટર ન હોય તેમ જ દરદીઓને દૂર સુધી, પ્રાથમિક સારવાર અર્થે, લઈ જવો પડતો હોય એવાં ગામોમાં પણ આ 'ઉગાડ પગા ડૉક્ટર' યુવકોની વિધિવત્ તાલીમ આપી એમની સેવા જરૂર ફાળવી શકાય! એવા યુવાનોની યોગ્ય બુદ્ધિમતા અને ગામડાંમાં સેવા આપવાની માનસિક તૈયારી હોય તો ગ્રામ પંચાયત કે ગામ મહાજન દ્વારા યોગ્ય વળતર આપી પ્રોત્સાહિત કરવા! એ માટે પ્રયત્ન કરવા જોઈએ!

આ મારા વિચાર રજૂ કર્યા છે. શક્યતાઓ વિશે અધા અને એમના સાથી કાર્યકરો વધુ સમજી શકે...


**વસંત કચ્છ કેસરી**

દેવપુર, મુલુંડ. મો. ૮૪૫૧૦૯૮૬૭૮


---

## જે થાય તે સારા માટે

થોડા સમય પહેલાં એક પ્લેન ક્રેશ થવા છતાં એક પ્રવાસી ભાઈ એ પ્લેનની ટિકિટ હોવા છતાં સમયસર ન પહોંચવાને કારણે એ પ્લેનમાં ચડી ન શક્યા તેથી બચી ગયા. જે થયું તે સારું થયું. આવા ઘણા કિસ્સા આપણે ભૂતકાળમાં સાંભળ્યા હશે.

એથી વિપરીત પણ થતું હોય છે.

શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજનની માર્ચમાં યોજાયેલ ચૂંટણી ત્યારનો માહોલ યોગ્ય ન હોતાં ન થઈ શકી. ''જે થયું તે સારા માટે'' એવો સકારાત્મક અભિગમ અત્યારે એ માટે કહી શકાય.

કારણ હાલમાં બીજી વાર યોજાયેલ ચૂંટણીએ એક નવો ઈતિહાસ રચવા માટે દેરાવાસી મહાજનને મોકો આપ્યો છે. દોઢસો વર્ષ જૂના મહાજનના ઈતિહાસમાં પ્રથમ વાર એક મહિલાને સર્વાનુમતે પ્રમુખ તરીકે સ્થાપિત કરી અન્ય સમાજની નાની-મોટી સંસ્થાઓ તથા ગામનાં મહાજનોને પ્રેરણારૂપ કાર્ય થયું છે. ચૂંટણી બીજી વાર યોજાયા પછી પણ સમજાવટથી ચૂંટણી નિવારી સમય અને પૈસાનો સારો એવો બચાવ થયો છે. ઉપરાંત અંદરઅંદરની કટુતાને નિવારી શકાઈ છે. કદાચ ઘણા લોકોના મતે ''એક લોકશાહી પદ્ધતિને હાંસિયામાં ધકેલી દેવાઈ છે'' જેનો વિરોધ દર્શાવે છે, પરંતુ એવું પહેલાં પણ સંસ્થાના ઈતિહાસમાં થતું રહ્યું છે. તેમ છતાં મોટા ભાગના મતદારો માને છે કે '' જે થયું તે સારા માટે.'' બીજી વારની ચૂંટણી યોજાઈ તે પહેલાં સમાજના હિતેચ્છુઓની એક મંડળીએ પૂર્ણ વિચારણા બાદ એવો અભિગમ દાખવ્યો કે જ્યારે પણ ચૂંટણી યોજાય તેમાં બધી રીતે યોગ્યતા ધરાવનાર વ્યક્તિઓ ભાગ લે જેથી મહાજનની ધુરા વ્યવસ્થિત અને બદલાયેલા કાયદાઓ સંગતે મહાજનને શોભાસ્પદપદે સ્થાપિત રાખે. અંગત હિતોને બાજુએ રાખી બહુમતથી નક્કી થયેલ કાર્યો સંસ્થાના સભ્યો માટે થતાં રહે. આવી વિચારણા અર્થે મળેલ સભામાં હિતેચ્છુ મંડળીએ મતદારો તથા ઉમેદવારો પરત્વે યોગ્ય ધ્યાન આપેલ, જેનું યોગ્ય પરિણામ આપ્યું. ખરેખર આ બાબત હિતેચ્છુ મંડળીના સભ્યો અભિનંદનનો પાત્ર છે.

કહેવત છે કે ''well begun is half done''કદાચ અત્યારે એ વાક્ય વહેલું લાગે. પરંતુ પહેલી સભામાં જે રીતે કૉ-ઑપ્ટ સભ્યો નિમાયા અને જે રીતે વ્યવસ્થાપક ટ્રસ્ટીઓ અને અધિકારીઓની નિમણૂંક સર્વાનુમતે થઈ તે વિતેલા માહોલમાં ખૂબ જ અનુમોદનીય કહી શકાય.

કૉ-ઑપ્ટ સભ્યોમાંથી બંધારણને અનુસરી બે મહિલાઓને સંસ્થાની મોટી જબાબદારી સોંપી એમનામાં વિશ્વાસ મૂકનાર સંપૂર્ણ કારોબારી અને ટ્રસ્ટ બોર્ડ ધન્યવાદને પાત્ર છે. સંસ્થાના અત્યાર સુધીના ઈતિહાસમાં આવો પહેલો પ્રસંગ હશે. સ્થાનકવાસી મહાજનમાં ઉપ-પ્રમુખના હોદ્દા સુધીની જવાબદારી મહિલાએ નિભાવેલ છે. દેરાવાસી મહાજનના નવા પ્રમુખ તરીકે નિમાયેલ શ્રીમતિ અલ્કા કાંતિલાલ રાંભિયાને આથી હાર્દિક અભિનંદન સાથે એમણે સ્વીકારેલ જવાબદારીમાં ખૂબ જ સફળતા પ્રાપ્ત થાય એવી અંતરની શુભેચ્છા.

એમની ટીમમાં દેરાવાસી મહાજનના વહીવટ માટે નવા હશે છતાં અન્ય સંસ્થાઓમાં સામાજિક કાર્યોના અનુભવી છે અને જો નિખાલસપણે કાર્યો થતાં રહેશે તો સફળતા મળશે એમાં શંકા નથી.

હાલમાં દેશમાં લોકસભાની ચૂંટણી માટે પણ ૩૩% મહિલા આરક્ષણની પેરવી કરી છે. ત્યારે આપણાં દરેક ગામોગામના મહાજનો અને લતાવાર અન્ય આપણી સંસ્થાઓ મહિલાઓને પ્રાત્સાહિત કરી પુરુષોની સમકક્ષ આણવાની ફરજ બજાવે એ ઈચ્છનિય છે. દેરાવાસી મહાજનનું આ પગલું સૌ માટે અનુકરણીય છે.

સમાજમાં અન્ય મહિલા સંસ્થાઓ છે અને એ દરેક મહિલા સંસ્થાઓનું સંચાલન સારી રીતે ચાલે છે. ઍડ્વોકેટ અને CAની પ્રોફેશન સંસ્થાઓએ પણ મહિલાઓને ઉચ્ચ સ્થાન પર બેસાડી સુંદર કાર્યો કરતાં નિહાળેલ છે અને તેમના કાર્યો પ્રશંસનીય રહ્યાં છે. આવી સંસ્થાઓમાં કાર્ય કરી ચૂકેલી મહિલાઓના અનુભવ પણ વિશાળ છે જેનો લાભ બીજી સંસ્થાઓ લઈ શકે છે.

દેરાવાસી મહાજનનું કાર્યક્ષેત્ર વિશાળ છે. ચાર દેરાસરો, મહાજન વાડી વગેરે પ્રોપર્ટીઓ ઉપરાંત મહાજન તરીકેની જવાબદારી. શ્રીમતી અલ્કાબેન જેવી એક નિખાલસ મહિલાએ પ્રમુખ તરીકેની જવાબદારી ઉપાડી પોતાના આત્મવિશ્વાસને ઉજાગર કર્યો છે. તેઓ ચોક્કસપણે આદરને લાયક છે. અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ એમનું આ પગલું છે. સમાજના દરેક સભ્યની ફરજ બની રહે છે કે એમને એમના દરેક કાર્યમાં સહકાર આપી સમાજ માટે એક અનેવું દ્રષ્ટાંત પૂરું પાડે. બીજા સમાજ પણ એથી પ્રોત્સાહિત થશો. છેલ્લો એક નાની સાવધાનીની વાત કરવી છે. ભૂતકાળના એવા અનુભવો છે કે સત્તા હાંસલ થયા બાદ માનસિકતા બદલી જાય છે. એમાં સત્તારૂઢ થનાર વ્યક્તિ કરતાં એની આગળ-પાછળના કે આજુબાજુના લોકો કારણરૂપ હોય છે. સલાહભર્યું એ છે કે વિચારો બધાના સાંભળવા અને પોતાના અંતરઆત્માને પૂછી ‘‘બહુજન હિતાવહ’’ નિર્ણય બહુમતે લઈ કાર્ય કરવું. સમય જતાં એમાં જ સફળતા મળે છે.

આપણા માનનીય પંત પ્રધાન મોદી સાહેબે ઑલિમ્પિકના રમતવીરોને એક નાની વાત કરી :‘‘સફળતાને મગજમાં ન રાખવી અને નિષ્ફળતાને મનમાં ન રાખવી’’ અપનાવવા જેવો વિચાર છે.

અંતમાં શ્રીમતી અલ્કાબેન અને તેમની સંપૂર્ણ ટીમને અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ.

લિ. શાંતિ રાંભિયા

**મો. : ૯૯૬૯૯૭૯૬૯૯**

**પગદંડીને પત્ર, લેખ અને લેખના પ્રતિભાવ લખનારાઓને નમ્ર વિનંતી.**

- આપ આપના અપ્રગટ લેખ, પ્રતિભાવ, પત્ર વગેરે. pagdandi@kvoss.org પર ઈમેઇલ કરી શકો છો.
- જો ઈમેઇલ શક્ય ન હોય તો પંગદંડીના ચિંચબંદર કાર્યાલય પર પોસ્ટ કે કુરિયર કરી શકો છો.
- આપના અપ્રગટ લેખ, કવિતા, પત્ર વગેરે, સારા અક્ષરોમાં, પાનાની ચારે બાજુ યોગ્ય માર્જિન છોડીને પાનાની એક બાજુ જ લખવા વિનંતી.
- પહેલા પાના પર આપનું નામ, ગામ, મોબાઈલ નંબર અને ઈમેઇલ આઇડી (મોબાઈલ અને ઈમેઇલ જો આપ છપાવવા માંગતા હો તો જ) લખવા વિનંતી. આપ જો આપનો ફોટો છાપવા માંગતા હો તો નાનકડો પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો પાછળ નામ સાથે) મોકલવા વિનંતી.
- આપની કૃતિ મૌલિક હોવી જોઈએ અને અન્ય ક્યાંય પબ્લિશ/પ્રસિદ્ધ ના થઈ હોય એ જરૂરી.
- પહેલા પાના પર કુલ કેટલાં પાનાં છે એ લખવા વિનંતી, જેથી કોઈ પાનું મોકલવાનું રહી જાય તો અમે તરત જ આપનું ધ્યાન દોરી શકીએ.
- PDF કૉપી મોકલો તો સાથે વર્ડની સોફ્ટ કૉપી મોકલવા વિનંતી.
- વ્યાકરણ તેમ જ ભાષાનું ઔચિત્ય જળવાઈ રહે એવી કૃતિઓનો જ સ્વીકાર થશે.
- અનિવાર્ય સંજોગોમાં લેખના ફોટો મોકલી શકો, પણ એ ફોટા ક્લિયર અને સારી રીતે ક્રોપ કરેલા હોવા જોઈએ.
- આપનો પત્ર મળશે એટલે એ મળ્યાની પહોંચ આપને આપવા યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવશે, પણ એ છપાય અને તરત જ છપાય, એવો આગ્રહ ના સેવશો.
- આપના લેખ, વગેરે મહિનાની પંદર તારીખ સુધી મળશે તો જ આગામી મહિનાના પગદંડીમાં લેવામાં આવશે. એ પછી મળતા લેખ, એના પછીના મહિનામાં લેવા યત્ન કરાશે.
- એકસાથે એકથી વધારે પત્ર ના મોકલશો, જેથી અમે વધુ ને વધુ વાચક અને ભાવકને આવરી શકીએ.

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**



મિઠા,

કાનેં-મંતર વિગરજી પાંજી જાત્રાકે ઈગીયા વધારીયૂં. વધારીયૂં આો ત સામેં જ વધ શબ્દ ડિસાણૂં! ત કયૂં ''વધ'' જી માંઢણી

૧) વધ (સ્ત્રી) (સં. વૃધ્ધિ) વધ, વધવું તે; વધારો (f.) excess; surplus
હી ''વધ'' આજ સામાન્ય વપરાશમેં સુણેલા નતી મિલે, પણ ઇનજો વાકય - પ્રયોગ સુણો પોઆ આંકે જરૂર લગંધો જે ઈ શબ્દ કડેંક સુયો આય.
(વાકય) ''માજનજે જિમણવારમેં માલ ભનાય ટાણો ધ્યાન ન ડેવાણૂં, સો મુલકસજેજી ''વધ'' થઈ પિઈ!''
''વધ'' જે ઈન મૂર અરથ મિંજા ફૂટંધલ જુકો બ શબ્દ અઇં ઈ અજ પણ ઇતરા જ પ્રચલિત અંઈ!

૨) વધઘટ સ્ત્રી. વધઘટ; વત્તું-ઓછું થવું તે, (f.) increase or decrease profit or loss
(વાકય) ધંધે મેં વધઘટ ત થીયે!

૩) વધઘટ વિ. ઘટ; ઓછું, adj. less
(વાકય) કીં વધઘટ વેં ત નિભાઈ ગિનજા ભલા? હિત વધઘટ ઠેકાણો 'વધૂઘટૂ' શબ્દ પણ વપરાજે!

**પનપટી :** પાં 'વધ' શબ્દ જી ગાલ કયું તા ને જાધ અચે તી 'ઘટ' (વધ જો વિરોધી) શબ્દ મથે હિકડી ચૉવક! પાંજે હિન શબ્દ-મેડાવે જેં માધ્યમસેં કચ્છી ભાસા જ્યૂં અમૂલ્યૂં ચૉવકૂં! લાખેણાં પ્રયોગ આંસેં વિરાયજો હી મોકો મિલેતો ઈ મા સરસતી જી પાં મથે કિરપા ન ત બ્યો કુરો) ચૉવક, ''નાંય ઘટ ઘોટમેં ને નાંય કમી કૂંઆરમેં'' (લાડામાં તો કશી ખોટ નથી જ, પણ કન્યામાં પણ કશી મણાં નથી!) હી ચૉવક કચ્છી ભાષાજી વ્યંજના (વક્રોકિત) જો નિમૂનૂં આય!

કશીક ખામીવાળાં બે પાત્રોને એકબીજાં સાથે પરણાવવાનાં હોય ત્યારે જે 'મૅચમેકર' હોય તે કહેશે અમારા લાડામાં તો કોઈ ખોટ નથી (ખરેખર તો ખોટ હોય જ!) તો કન્યાવાળા તરત જ ખુલાસો કરવાના કે અમારી કન્યામાં કોઈ ખામી, નથી. આ એક કટાક્ષભરી કહેવત છે જેમાં કહેવાય છે તેનાથી એનું લક્ષ્યાંક કંઈક અલગ જ છે!

ભલે તડેં - મિલોંતા!

**આંજો વિશન**

**મો.: ૯૮૨૦૪૫૬૮૯૯**

## 'હુલ્લડ એક સવાલ'

તૂટ ગયે હૈં રિસ્તે નાતે,
આજ યહાં ઈન્સાનોંકે,
ચલ રહે હૈં આજ ભી ઝઘડે,
મંદિર ઔર મસ્જિદોં કે,

હૈ રંગ લહુકા એક યહાં,
નહિં અલગ યે પરવાનોંકે.
ભૂલ ગયા વો પ્યાર મહોબ્બત,
મજનુ ઔર લૈલાઓંકે.

ક્યું ઘર બનાયે તુને ઇતને?
અલગ અલગ યે ખુદાઓંકે!
આજ ઈન્સાં ગુમરાહ હુઆ,
અપને હી ગલત ખયાલોંકે.

યે સંતોંકી સમજ દેખો,
દિલ બને હૈં શૈતાનોંકે,
ભૂલ ગયે સબ પન્હેં વો તો,
ગીતા ઔર કુરાનોંકે!

મર જાઓગે મીટ જાઓગે?
રહે જો સાથ તુફાનોંકે.
નહિં ભૂલેંગે પુરાની યાદેં,
યાદ પન્હે વો ઇતિહાસોંકે.

બંધ કરો અબ બસ કરો?
ખેલ સભી યે ગુન્હાઓંકે,
આગસે સીર્ફ જલના સબકો,
નહિં મિત્ર હમ અંગારોંકે

કુદરત ભી મિલ જુલકર રહેતી!
દેખો સાથ નજરોંકે.
ગાઓ ધૂન કોરસ બનકર,
સંગીત ભરે તરાનોંકે.

પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર
ફોન : ૨૮૯૫ ૩૪૫૯

## સેર મેં

સેર મેં પૈઈસેં જી સિક બોરી,
નિંઢ વડાઈ જી ન-વે ફિક બોરી;
જડધા ગુટખા ચપેં મેં રખી ફિર 'તેજ',
પોએ હલધે ચલધે ફગાઈ થુક બોરી.

✤●✤●✤

## સંત

સંત જેડા અંધર મેં વેં,
તેડા બાર મેં વેંતા;
'તેજ' ઈ સંસાર મેં ભલેં વેં,
પણ સાર મેં વેંતા.

ઈ ચોવા જે 'તેજ' ચેં-
ભક્તિ રસ જી ધારા;
મન મેં મંતર ફિરે,
બારા ફિરે મારા.

✤●✤●✤

## ભખીઆ

ભરલ પેટ તેં ભખીઆ પેંતા,
ફાટલ વગે મેં બખીઆ પેંતા;
જીયણ મેં જેંકે જેણા ન વે 'તેજ',
ડોજખ મેં એડા દુખીઆ પેંતા...!

✤●✤●✤

## ચાગલા

કીં કમ વતાયો તાં પરેઆ થીએં,
ચોં તા ચટે વંઝે, દુખેં ડરેઆ થીએં;
એંડા એ ચાગલા છોરા વેંતા 'તેજ',
જજે ચાગ મેં ઈ ચરેઆ થીએં....

- કવિ 'તેજ' (તેજપાલ ધારશી નાગડા)

## મળ્યું

કારણ મળ્યું તેનું તારણ પણ મળ્યું,
બેયનું પાછું બંધારણ પણ મળ્યું.

પાંદડું પાણી પીએ ને ઝાકળ જેવું વરસે,
એની તરસનું ઉદાહરણ પણ મળ્યું.

ગાગરથી ઉલેચાઈને વાવડી હરખાણી,
સીંચણિયાને પ્રીતનું સંભારણ મળ્યું.

અરુણાને ઉષાનું ઈમોશનલ થવું સહજ છે,
ઉજાશની ઘટનાનું નિવારણ પણ મળ્યું.

કિરણનો ધોધ પછડાયો ધરતી પર,
નળિયા ચાળીને ચાંદરણું મળ્યું.

શ્રાવણ બેઠો ને છીંકો સળવળ્યો,
ઝૂલતી મટકીમાં કાનાને માખણ મળ્યું.

**- ભાનુબેન સાવલા 'ભદ્રા'**

## ટૅમ જ નં મિલ્યો

ધૉડઇ જિંધગી જી ગાડી ને ધૉડધા જ વ્યા,
કિત ખોભરો ખાધેજો ટૅમ જ નં મિલ્યો.

ઠેસણ ત સરાર આયા તે નૅં વ્યા તે,
કિત લૉણૂં ફેરેજો ટેમ જ નં મિલ્યો.

ધબેલીયૂં હૂઇયૂં ઘુટૂં, ધિલ પટારે મેં,
સુખ ડુખ વાંટેજો ટૅમ જ નં મિલ્યો.

લુછ્યા તે માયતર, મેડાવો ઘડી ભરજો,
રૂંગા ઉનીંજા ઊગેજો ટૅમ જ નં મિલ્યો.

ગચીર્યાવા પિંઢજે જ કૂંઢારે મેં એડા,
પિરભૂ સેં રેયાણ કેજો ટૅમ જ નં મિલ્યો.

ઉમર સજી ઈંય જ હલઈ વિઈ 'કુસુમ'
અંતર મેં ટુબી ડિનેજો ટૅમ જ નં મિલ્યો.

**- કુસુમ ગાલા.. 'કુસુમ', ભોજાય.**

## સૅરી સંભરૅતી

સજો ડીં રમ્યાતે ઊ સૅરી સંભરેતી.
જિતે થ્યા વડા, ઘર ને મેડી સંભરૅતી.

ભર્યા જેડલેં સાથ પાણી તરાતેં,
વડેં હેઠ હીંચકેજી ફેરી સંભરૅતી.

ભણીને વર્યાસી ત આમૂં ડિઠો જીં,
હણે ધિર ને લાથી સે કૅરી સંભરૅતી.

ચિભડને ભધામૂં, મિઠી આંભરી તીં,
રતા બેર ખાધા ઊ બેરી સંભરેતી.

જડેં સાવરે વ્યા ને છડ્યો 'દિવ્ય' ગંજો,
પ બચપણજી હર ગાલ કૅડી સંભરૅતી.

**દિવ્યા દેઢિયા - 'દિવ્ય'** મુંબઈ / વડાલા,
મો.: ૯૩૨૦૦૦૬૨૯૩

## પાંજે વિચમેં

બૉરી વડી આય ખાઈ, પાંજે વિચમેં,
કેર અડે વ્યો, અડેખાઈ, પાંજે વિચમેં.

મિલકત તાં પાં વકીલ રખી વિરાય ગિડી,
હાંણે રખંધો કેર અધા-બાઈ? પાંજે વિચમેં.

ડીંયાંડી સાવ સસ્તો થીંધો વિઞેતો માંડૂ,
બોરી જ આય હરીફાઈ, પાંજે વિચમેં.

અફવાકે ત યાર ઉડંધે પ અચેતો,
ગૂડેંસેં ગિસરેતી સચાઈ, પાંજે વિચમેં.

નિત નિત નાં નાં તૂં રડ પ્યો કરીયે,
થૂડીક રખજેં સાધાઈ, પાંજે વિચમેં...

**-દિપક નંદા**
(કવિજે અચીંધલ પુસ્તક -
(કાવ્યસંગ્રહ) વલ મિંજા)

## મહેફિલ

(સંપાદક-મણિલાલ ડી. રુધાણી, રાણાવાવ)

દિલાસા ઘણા છે પણ
દિલની આશા ક્યાંય મળતી નથી
દરદે-એ-જિગરની દવા
બજારમાં ક્યાંય મળતી નથી.

**- રૂપલ ભટ્ટ થાનકી**

યાદ રાખવા છતાં ભૂલી જવાય છે
ના કહેવાનું આખરે કહી જવાય છે
નથી ઈચ્છતો કે કોઈને ઠેશ પહોંચે
તોય ભૂલમાં એને અડી જવાય છે

**- શ્રી મિલન લાડ**

(કિલ્લા પારડી, વલસાડ)

સાચું ખોટું ક્યાં ચહેરામાં
દેખાતું હોય છે
માનવ દિલમાં અહીં શું છે
એ ક્યાં ક્યાંય દેખાતું હોય છે

**- શ્રી દિલીપભાઈ આચાર્ય (ભુજ)**

કાઢો મને કબાટમાંથી
ને ટેબલ પર લાવીને મૂકો
હું પુસ્તક છું ઇતિહાસનું
મને ઇતિહાસ ન બનાવો

**દીપકપુરી દર્દદિલ (ગાંધીધામ-કચ્છ)**

પ્રેમમાં સહવાસ તૂટી જાય છે
શ્વાસો જેવા શ્વાસો ખૂટી જાય છે

**- સ્નેહલબેન નિમાવત (અમદાવાદ)**

અશક્ય છે કે આવે નહીં
આંખોમાં કોઈ દાડે
યાદના નીર તો ઝરતાં જ હોય
પાપણોની પછવાડે

**- હરેશ જોષી (ભવાનીપુર)**

## કબૂલ છે ?

તમે
જેને વસ્ત્રવિહીન દશામાં
મોકલો છો
અમે એને કફન પહેરાવીને
મોકલીએ છીએ
પ્રભુ !
આ એક કિસ્સામાં
તમારી
પ્રભુતા કરતાં અમારી માનવતા
ઊંચી છે

**- મણિલાલ ડી. રુધાણી,**
**રાણાવાવ**

## અસીં માડૂ ખેડૂ

અસીં માડૂ હરિહર નેં રામરામજા,
અસીં માડૂ ખેડૂ ઐંયું રે સાવ ગામજા.

નતા જચેં વાગા અસાકે 'હલો'-'હાય' જા,
ભેંણ અસીં ભૉઈયાં નૈયું 'બાય બાય' જા;
અસીં માડૂ નિઈયું કો ઇંગરેચી નામ જા,
અસીં માડૂ ખેડૂ ઐયું રે.....

અસીં માડૂ ઉભખુડે અન નતા ખાઈયું,
ભેંણ અસી પાણી પ વ્યારેનેં પાઈયું;
અસીં માડૂ મોર્ડન નિઈયું રે માન-પાનજા,
અસીં માડૂ ખેડૂ ઐંયું રે....

અસીં માડૂ ગાંઈયું-મિંઈયું નેં વગ પારીયું,
ભેંણ અસીં વીરીયું ઓંજીયું નેં વાયૂં ગારીયું;
અસીં માડૂ હીંસલા હણોંતા રે હામજા.
અસીં માડૂ ખેડૂ ઐંયૂં રે.....

અસીં માડૂ બધી નં, બુજોં વડા મારા,
ભેંણ અસીં અડણનું ડીયું આવકારા;
અસીં માડૂ વેપારી નૈયું ધાંઈ-ધામજા,
અસીં માડૂ ખેડૂ ઐંયું રે....

અસીં માડૂ ફિરંધલ ખુલી રે વન-વાટજા,
ભેંણ અસીં નૈયું કો ગડધી જે ઘાટજા;
અસીં માડૂ રોંધલ ઐંયું રે ધીંગે ધામજા,
અસીં માડૂ ખેડૂ ઐંયું રે,

ઐં ત માડૂ ફિરંધલ સે ડેસ-પરડેસજા,
ભેંણ અસીં હિકડે નેં હિકડે રે વેસજા;
અસીં માડૂ જાતરુ રે ગામનું મુકામજા,
અસીં માડૂ ખેડૂ ઐયું રે....

**- જયેશ ભાનુશાલી - જયૂ**

## કવિતા

પાડો વડો જાડો, પાડો થિયે ફુંસપાડો પણ,
પાડો ખપે તિડાં ફુંસપાડો કેડે કમજો;
લાખા મિડે લાખા લખેં લેખે લાખા લોક મિંજ,
લખેંમેં ન લાખો લજે ફુલાણી જે સમજો;
નટ ત ચે નટ નટનાગર નટેંદ્ર કૃષ્ણ,
નટ વટ નટડોસે નટજે તુખમજો;
તિંય કેં અસાધુ કેચ્યો સાધુ સે ન સાધુ થિયે,
સાધુએં મેં યમ' ખપેં કમ ન ભસમજો!...

દોહરો
વૃત્યું જેંજ્યુ વિષયમેં, ભલા ભોગ મન ભાંઈ;
સે મુનકે મુંઢાયને,ખરતાં હુંઈ ખિલાંઈ....

**કવિ રાઘવ**
**(રાઘવ દર્પણ મિંજા)**

શબ્દાર્થ:
તુખમ - ખાનદાન
યમ - સંયમ

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ જુલાઈ ૨૦૨૪ થી તા. ૩૧ જુલાઈ, ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વાચાદાન : ❂ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. અમૃતબેન જાદવજી માલશી દેઢિયા | ૮૫ | નાની ખાખર | મુલુંડ |
| ભરતકુમાર પુનશી મેઘજી શાહ/સૈયા | ૫૮ | સાભરાઈ | થાણા |
| યોગેશ પ્રેમજી ગાંગજી છેડા | ૬૬ | રતાડિયા ગણેશ | મીરા રોડ |
| ભારતીબેન શશિકાંત નાગજી સાવલા | ૭૩ | કોડાય | મલાડ |
| અ.સૌ. કસ્તૂરબેન હરિલાલ ખીમજી દેઢિયા | ૭૫ | બગડા | અંધેરી |
| ઈંદિરા લક્ષ્મીચંદ જેઠાભાઈ ગોગરી | ૮૧ | નાંગલપુર | બોરીવલી |
| શ્રીમતી શોભનાબેન શરદકુમાર દેવરાજ મારુ | ૭૩ | હાલાપુર | ઘાટકોપર |
| મા. રતનબેન લખમશી ખીમજી દેઢિયા | ૭૯ | હમલામંજલ | મુલુંડ |
| ઍડ. પ્રેમજી ચુનીલાલ ભારમલ વોરા | ૭૮ | ડોણ | વરલી |
| ગૌરવ વિપુલ લીલાધર સાવલા | ૨૬ | ભારાપુર | ચેમ્બુર 👁 |
| તારાબેન મહેન્દ્ર ખીમજી ફુરિયા | ૫૮ | બિદડા | નાલાસોપારા |
| કાંતિલાલ પાલણ વીજપાર ગાલા | ૬૩ | વડાલા | દહીંસર |
| અ.સૌ. ઋષમણિ તરુણ રતનશી ગાલા | ૬૬ | પ્રાગપર | મલાડ |
| ખીમજી ગાંગજી ધરોડ | ૮૦ | પત્રી | મુલુંડ |
| શાંતિલાલ શામજી મુરજી શાહ/મામણિયા | ૮૦ | કુંદરોડી | ઘાટકોપર |
| મા. વાલબાઈ સુંદરજી લીલાધર ગોસર | ૯૦ | સાભરાઈ | સાંગલી |
| ગિરીશ હંસરાજ ધારશી છેડા | ૬૨ | ભુજપુર | મીરા રોડ |
| કુસુમ ટોકરશી રામજી છાડવા | ૭૭ | બાડા | ઘાટકોપર |
| જાદવજી લાલજી મેઘજી ગાલા | ૭૮ | સાડાઉ | કાંદિવલી |
| રતનબેન ખીમજી શિવજી દેઢિયા | ૯૧ | ટોડા | મુલુંડ ❂ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. નાનબાઈ લાલજી ખીંયશી શાહ/ગોગરી | ૯૨ | નાના રતાડિયા | ઘાટકોપર |
| અશોક (રાયણનાં કંકુબાઈ દામજી પ્રેમજી છેડાનાં જમાઈ) | ૭૧ | - | પુણે |
| સુશીલાબેન મોરારજી ખેરાજ દેઢિયા | ૭૯ | નાના ભાડિયા | ડોંબિવલી |
| પ્રભા મીનચંદ લાલજી રાંભિયા | ૮૧ | ઉનડોઠ મોટી | ડોંબિવલી |
| લક્ષ્મીચંદ નાગશી કોરશી રાંભિયા | ૮૨ | રામાણિયા | અંધેરી |
| મહેશ કાનજી મેઘજી દેઢિયા | ૫૫ | નાની ખાખર | કાંદિવલી |
| તારાચંદ રામજી વેલજી સાવલા | ૮૮ | ડેપા | માટુંગા |
| જવેરબેન ટોકરશી ઉમરશી ગડા | ૯૦ | દુર્ગાપુર | થાણા 👁 ❂ |
| મા. મીઠીબાઈ વેરશી વીરા | ૯૫ | દેવપુર | દેવપુર (૬ ઉ) |
| પીના વિનોદ દેવજી મામણિયા | ૪૬ | રતાડિયા ગણેશ | મુલુંડ |
| પ્રફુલકુમાર રાઘવજી કાનજી કેનિયા | ૬૮ | બારોઈ | દાદર |
| પલ્લવી વિનયચંદ લાલજી વીરા | ૭૩ | કારાઘોઘા | મુલુંડ |
| કાંતિલાલ મેઘજી શિવજી ગાલા | ૭૫ | પ્રાગપર | કાંદિવલી |
| જયાબેન રાયશી રવજી નાગડા | ૮૧ | નરેડી | અંધેરી |
| રતનબેન અરજણ ભુરા સત્રા | ૮૪ | ભચાઉ | વિલે પાર્લે |
| દિવાળીબેન શિવજી રામજી ધરોડ | ૯૨ | પત્રી | સાયન |
| મા. શાંતાબને ધનજી કાનજી સાવલા | ૭૬ | ભુદપુર | મુલુંડ (૨૬ ઉ) |
| મણિબાઈ હંસરાજ શિવજી ગડા | ૮૨ | નવાવાસ | પરેલ |
| સુરેશ જગશી વીરજી છેડા | ૬૭ | નાના આસંબિયા | વસઈ ❂ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| હરખચંદ વાલજી આસારિયા ગાલા | ૭૧ | કોટડી મહા. | બોરીવલી |
| રમણીક નાનજી ધનજી કેનિયા | ૭૮ | બારોઈ | ચેમ્બુર |
| મા. રૂક્ષ્મણીબેન તલકશી આણંદજી શાહ/ગંગર | ૮૫ | દેશલપુર | પરેલ |
| મા. ચંચળબેન નાગજી ખેરાજ વીરા | ૮૮ | દેશલપુર | ઘાટકોપર |
| ભાનુમતી મણિલાલ લીલાધર વોરા | ૭૬ | ગોધરા | સાંતાક્રુઝ |
| દેવચંદ ભવાનજી ગાંગજી ગાલા | ૮૧ | દેશલપુર (કંઠી) | ડોંબિવલી |
| જયેશ પ્રકાશ શામજી મામણિયા | ૪૫ | સમાઘોઘા | હૈદરાબાદ |
| ભોગીલાલ મગનલાલ નરશી છેડા | ૭૧ | નવાવાસ | બેંગલોર |
| પ્રેમજી મેઘજી સાંગણ ગડા | ૮૦ | રાયધણજર | ભાઈંદર |
| નિર્મળા ચુનીલાલ જીવરાજ ગાલા | ૮૦ | ફરાદી | બેંગલોર |
| જેઠાલાલ હીરજી કાનજી લાલન | ૯૧ | કોડાય | વસઈ |
| શાંતિલાલ વેલજી કાનજી છેડા | ૬૧ | સમાઘોઘા | નાલાસોપારા |
| દમયંતી નવીનચંદ્ર દામજી છેડા | ૭૪ | પત્રી | ડોંબિવલી |
| મા. હેમલતાબેન લખમશી પાસુ છેડા | ૯૧ | નાના ભાડિયા | થાણા |
| ધીરજ રતનશી છેડા | ૬૨ | નાના આસંબિયા | દહિંસર |
| કમલેશ જેવત કેશવજી છેડા | ૬૩ | નાની તુંબડી | પરેલ |
| શાંતાબેન નવીનચંદ્ર ગોવિંદજી ગાલા | ૬૮ | કોટડા (રોહા) | બોરીવલી |
| હર્ષા હરિલાલ મોરારજી કેનિયા | ૬૯ | બારોઈ | કાલીના |
| હરિલાલ ઠાકરશી લધ્ધા કક્કા | ૭૭ | બેરાજા | છિંદવાડા |
| ઉમેશ શામજી ગાલા | ૬૫ | છસરા | મુલુંડ |
| સવિતાબેન જેઠાલાલ વાલજી ગાલા | ૬૯ | છસરા | કાંદિવલી |
| ડૉ. ગુણવંતીબેન સૂર્યકાંત લખમશી શાહ/ફુરિયા | ૭૭ | બિદડા | મઝગામ |
| ધનજી પ્રેમજી ગોસર | ૮૮ | ગોધરા | ડોંબિવલી |
| નાગજી જેવત દેવશી ગડા | ૮૮ | નાના ભાડિયા | વડાલા |
| પ્રફુલ્લ કાનજી લખમશી સાવલા | ૬૯ | દેશલપુર | દેશલપુર (કંઠી) |
| પ્રીતિહેમંત કેશવજી ગાલા | ૫૮ | ઉનડોઠ | મુલુંડ |
| મંજુલા નવીનચંદ્ર શામજી સંગોઈ | ૭૨ | કપાયા | દાદર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મીનાબેન શાંતિલાલ ભીમશી નિસર | ૭૩ | દેવપુર | ડોંબિવલી |
| મણશી લાલજી ગાલા | ૮૦ | મોટી ઉનડોઠ | અલીબાગ |
| મહેન્દ્ર લીલાધર પદમશી દેઢિયા | ૬૫ | તલવાણા | મુલુંડ ✪ |
| કલ્પના દિનેશ નાનજી ભેદા | ૭૦ | નાના ભાડિયા | દહિંસર |
| કાંતા કુંવરજી દેવજી સાવલા | ૮૨ | બેરાજા | પુના |
| ચિ. સાક્ષી વિજય કરમશી છેડા | ૧૯ | પુનડી | કલ્યાણ |
| બા. બ્ર. મનોજ નાનજી દના છેડા | ૫૮ | વાંકી | ડોંબિવલી |
| અ.સૌ. શાંતા વસંત પ્રેમજી દેઢિયા | ૭૨ | તલવાણા | ગોરેગામ |
| અ.સૌ. મંજુલાબેન મણિલાલ ભાણજી સાવલા | ૭૭ | હાલાપુર | મુલુંડ |
| મા. સુશીલાબેન કલ્યાણજી ડાયાભાઈ ગડા | ૮૨ | પત્રી | માટુંગા |
| જયંત ગોવિંદજી કુંવરજી ગાલા | ૮૬ | કોટડા (રોહા) | મુલુંડ |
| કુંદનબેન કુંવરજી આસમલ ગાલા | ૯૪ | વડાલા | ચેમ્બુર (૫ ઉ) |
| | | | |
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| જયંતીલાલ રામજી લાલજી શાહ/ફુરિયા | ૭૮ | નાંગલપુર | ગોરગામ |
| સૂરજ પોપટલાલ શિવજી શાહ/સંગોઈ | ૫૭ | નાંગલપુર | કાંદિવલી |
| હેમંત ખીંયશી કચરા ગોસર | ૬૮ | દેઢિયા | મુલુંડ |
| દેવશી રણશી ભારમલ દેઢિયા | ૮૦ | ભુજપુર | વડાલા |
| હિરેન મહેશ રાઘવજી સાવલા | ૪૧ | ડેપા | પરેલ |
| હાર્ટ, કિડની, લીવર, પેનક્રિયા **ઓર્ગન ડોનેટ કરેલ છે.** ✹ | | | |
| જવેરબેન રાઘવજી લીલાધર છેડા | ૮૪ | બિદડા | લાલબાગ |
| તલકશી લાલજી દેવજી નંદુ | ૮૯ | રાયણ | કાંદિવલી |
| રંજન ચાંપશી દેવજી નાગડા | ૭૫ | મોટી ઉનડોઠ | વિલે પાર્લે |
| મગનભાઈ વેલજી જેસંગ ગંગર | ૯૧ | છસરા | મલાડ |
| કેશવજી માણેક રતનશી ગડા | ૬૮ | નાના રતાડિયા | માટુંગા |
| શામજી લાલજી દેવજી ગાલા | ૮૬ | દેવપુર | ડોંબિવલી |
| વલ્લભજી શામજી હીરજી સાવલા | ૯૧ | કોડાય | કિંગ્ઝ સર્કલ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| વલ્લભજી ધારશી પાલણ દેઢિયા | ૭૩ | તલવાણા | મુલુંડ |
| મા. ભારતીબેન ભાઈલાલ મેઘજી છેડા | ૭૯ | ભોરારા | દાદર |
| મા. રતનબેન ગાંગજી ડુંગરશી છેડા | ૮૯ | નાના ભાડિયા | દહિંસર |
| ભોગીલાલ વસનજી ખીંયશી શાહ/ગોસર | ૬૫ | શેરડી | ચેમ્બુર |
| ખીમજી પદમશી ગડા | ૭૪ | ભીંસરા | માટુંગા |
| જિતેન્દ્ર શામજી ભવાનજી ગડા | ૬૮ | ડોણ | વાશી |
| હીરજી ખીમજી ઉમરશી નિસર | ૮૫ | વડાલા | થાણા |
| મહેશ મગનલાલ ચાંપશી અજાણી (પોલડિયા) | ૬૭ | બિદડા | સાંતાક્રુઝ |
| દમયંતી નરેશ ઉમરશી નાગડા | ૭૩ | નરેડી | બોરીવલી |
| મા. મોંઘીબેન ધનજી દામજી હરિયા | ૮૫ | હાલાપુર | મુલુંડ |
| શીલાબેન એડ. નરેન્દ્ર લીલાધર ગડા | ૯૩ | મંજલ રેલડિયા | માટુંગા |
| ભવાનજી લાલજી દેવજી ધરોડ | ૭૭ | પત્રી | બોરીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| આશિષ (કોડાયનાં જ્યોત્સ્ના અશ્વિન શામજી દેઢિયાના જમાઈ) | ૩૯ | – | સાંતાક્રુઝ |
| અ.સૌ. ભારતી દીપક માવજી ધરોડ | ૬૫ | વડાલા | સાંતાક્રુઝ |
| ભાનુમતી લાલજી શામજી છાડવા | ૭૩ | લાખાપુર | મુલુંડ |
| હરખચંદ ભાણજી દાઈઆ સાવલા | ૭૩ | નાગ્રેચા | ઘાટકોપર |
| વિમળાબેન વિશનજી વીરજી લાપસિયા | ૮૨ | કોડાય | માહિમ |
| વસંતલાલ વીરજી જેઠાભાઈ સાલિયા | ૭૫ | બેરાજા | વિલે પાર્લે |
| અતુલ પ્રેમજી વેરશી દેઢિયા | ૬૦ | શેરડી | બદલાપુર |
| | | | |
| **કાળધર્મ પામેલ છે.** | | | |
| મંત્રનિધાન સાગરપજી મ. સા. | ૫૦ | | |
| પૂ. મહાસતીજી નિર્મળાબાઈસ્વામી | ૭૮ | (આઠ કોટી નાની પક્ષ) | |

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भुएसु, वेरम् मज्झं न केणइ ॥

*Michhami Dukkadam*

**From**

**Shri K.V.O. Seva Samaj & Pagdandi Committee**


network
techlab
Adding Values to Work
DATA CENTER
SERVICES
Assured Maximum Uptime
with Excellent Support
Network Techlabs Data Center Services includes :
PUE Monitoring
Data Center Assessment
Power Quality Analysis
Data Center Cleaning
AMC Contracts
Electrical Safety and
Energy Assessment
Fire Safety and
Security Solutions
Air Quality Assessment
Cooling
Powering
Monitoring
info@netlabindia.com
+91 88790 04536

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) SEPTEMBER 2024 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ
75
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન






સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ